

Ekatra Foundation

વર્ષ ૫ । અંક ૨૭ । ડિસેમ્બર ૨૦૧૭

# સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક : રમણ સોની

ચિત્રકૃતિ - અમૃતા શેરગીલ

Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન
અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

# સંચયન

પ્રારંભ: ઑગસ્ટ, 2013

**સંપાદક : રમણ સોની**

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

•

**પ્રકાશક : અતુલ રાવલ**

608 Poplar St., Durham, NC 27703 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

•

**તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા**

email : mashru@ekatrafoundation.org

- **મુદ્રણ-અંકન (ટાઇપસેટ): મહેશ ચાવડા**
- **ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ**
- **લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની**

અમારી વેબસાઈટ:

**www.ekatrafoundation.org**

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા 'સંચયન'નાં તમામ અંકો વાંચી શકાશે.

ઇ-મેઇલના માધ્યમથી 'સંચયન' સૌ મિત્રોને વિના મૂલ્યે મોકલવામાં આવે છે. આપનું, મિત્રોનું e-mail ID જણાવવા વિનંતી.

- વીજાણુ સામયિક 'સંચયન' દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- 'સંચયન' માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- 'સંચયન'માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો - ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.

# અ નુ ક્ર મ


સંપાદકનું કથન ........................................................................................................

૪ સ્ત્રી-લેખકોનો અજવાસ

કાવ્યસપ્તક ........................................................................................................

૬ મધ્યકાલીન સ્ત્રીકવિઓ – મીરાં, ઇન્દ્રાવતી, ગવરીબાઈ, ગંગાસતી અને લોયણ

સામ્પ્રત : સામયિકોમાંથી ........................................................................................................

૯ અંધકાર પર ઝળહળતો વિજય : નાગાસાકી – ભારતી રાણે (પ્રવાસ)

૧૪ ગુરુદેવ : સંસ્મરણગાથા – મૂળ લે૰ રાણી ચંદ/અનુ૰ સુજ્ઞા શાહ (સ્મરણકથન)

૧૮ ‘સહરાની ભવ્યતા’ વિશે – દર્શના ધોળકિયા (પુસ્તકપરિચય)

૨૩ એક અફસોસજન્ય પ્રવાસ – કલ્પના દેસાઈ (હાસ્યનિબંધ)

ગઈકાલ અને આજ : પુસ્તકોમાંથી ........................................................................................................

૨૭ ઊડવું ગમે – જ્યોત્સ્ના શુક્લ (કવિતા)

૨૮ સૌ૰ સુમતિ – વિદ્યાગૌરી નીલકંઠ (ચરિત્ર)

૩૩ યશોધરા – ચંદ્રિકા પાઠકજી (કવિતા)

૩૬ ઝુરાપો – મીનલ દવે (વાર્તા)

૪૦ પુષ્પવતી – બકુલા ઘાસવાલા (વિચાર-નિબંધ)

૪૩ અછાંદસી : કાવ્યગુચ્છ – રેખા સરવૈયા (કવિતા)

૪૪ પ્રથમ ગ્રાસે રોડરોલર – અંજની પારેખ (વિનોદિકા)

૪૮ કોણ ચલાવે રાજ બોલો! – સરૂપ ધ્રુવ (કવિતા)

૫૧ માડીના ખોળા... – જસુમતી પરમાર (વાર્તા)

૫૫ તથાસ્તુ – પલ્લવી મિસ્ત્રી (હાસ્ય-સંવાદ)

ચિત્રકૃતિઓ – અમૃતા શેરગીલ ૧૩, ૧૭, ૨૨, ૨૬, ૩૫, ૪૨, ૫૦, ૫૪ ........................

એકત્ર – વૃત્ત

સંપાદકનું કથન

# સ્ત્રી-લેખકોનો અજવાસ

સ્નેહી મિત્રો,

આ વખતે, ચયન કરતાં કરતાં એમ થયું કે આ અંકમાં બધી જ કૃતિઓ સ્ત્રી-લેખકોની લઈએ.

આ કોઈ નારી-લેખનનું સંપાદન નથી – હંમેશ મુજબનું, પુરાતનથી સામ્પ્રત સુધીના ગુજરાતી સાહિત્યમાંથી ગમતી, સૌને ગમી જાય એવી કેટલીક કૃતિઓનું સહજ ચયન છે. નારીલેખનનાં જે સંપાદનો થયેલાં છે એની મદદ જરૂર લીધી છે. સામ્પ્રત સામયિકોમાંથી સ્ત્રી-સર્જકો-વિવેચકોની સરસ કૃતિઓ મળી; સ્ત્રી-સંપાદકોનાં સંકલનોમાંથી પણ તારવણી એ મુદ્દે કરી છે કે, ભલે બહુ પરિચિત નામ ન હોય, કૃતિ ધ્યાનપાત્ર હોય – આમે ય, સતત જાણીતાં લેખકોની જાણીતી કૃતિઓ જ મુકાય એને બદલે થોડીક અલ્પપરિચિત કે અપરિચિત પણ તાજગીવાળી કૃતિઓ હોય તો વાચકોને એમાંથી પસાર થવું ગમે. અનુવાદમાં મૂળ કૃતિ સ્ત્રી-સર્જકની હોય અને અનુવાદક પણ સ્ત્રી-લેખક હોય – એવું પસંદ કરી શકાયું. કાવ્યસપ્તકની પરંપરા જાળવી, પણ આ વખતે મધ્યકાલીન નારી-કવિઓની કૃતિઓ લીધી. મીરાંની સર્વાધિક કૃતિઓ (સાતમાંથી ત્રણ) હોય એ સ્વાભાવિક છે, પણ ત્રણે પદો એમનાં બહુ-પરિચિત પદોથી બહારનાં છે, પણ મીરાંની દીપ્તિમય મુદ્રાવાળાં છે. એ જ રીતે, ગંગાસતીમાંથી પણ બહુ-પ્રચલિત પદ ન લીધું.

કવિતા, વાર્તા, નિબંધ, ચરિત્ર, સ્મરણ, નર્મ-મર્મ, હાસ્યસંવાદ, વિચાર-ચિંતન, ગ્રંથ-પરિચય-વિવેચન – એવાં વિવિધરૂપે જે સ્ત્રી-સર્જક-ચેતના પ્રવર્તી છે એમાંની કેટલીક રસપ્રદ રેખાઓ અહીં ઊપસી શકી છે એથી આનંદ સાથે વિશ્વાસ બેસે છે કે આ તાજી કૃતિઓ અને નવતર પ્રયોગ સૌને ગમશે.

આ અંકમાં મૂકેલાં ચિત્રો પણ એક વિશિષ્ટ ભારતીય-હંગેરિયન કલાકાર અમૃતા શેર-ગીલમાંથી પસંદ કર્યાં છે.

ઈસુના નવા વર્ષની શુભેચ્છાઓ –

નાતાલ દિન, ૨૫ ડિસે. ૨૦૧૭

રમણ સોની

*ચયન : સામ્પ્રત સામયિકો ઉપરાંત નીચેનાં પુસ્તકોમાંથી (દરેક લખાણને અંતે માત્ર સંક્ષેપ-અક્ષર મૂક્યો છે : વી = વીસમી સદીનું...)*

**વી** વીસમી સદીનું ગુજરાતી નારીલેખન, સંપા○ અનિલા દલાલ, રઘુવીર ચૌધરી, સાહિત્ય અકાદેમી, દિલ્હી, ૨૦૦૫

**અ** અડધા આકાશનો રંગ (નારી સર્જકોની રચનાઓ), સંપા○ હિમાંશી શેલત, ગૂર્જર, અમદાવાદ, ૨૦૦૫

**બ** બહુરંગી (ગુજરાતી લેખિકાઓની હાસ્યકૃતિઓ), સંપા○ સ્વાતિ મેઢ, ગૂર્જર, અમદાવાદ, ૨૦૧૫

**મધ્ય** મધ્યકાલીન ગુજરાતી પદસંચય, સંપા○ ચિમનલાલ ત્રિવેદી, રમણ સોની, ગૂર્જર, અમદાવાદ, ૧૯૯૮

**મી** મીરાંનાં પદો, સંપા○ ભૂપેન્દ્ર ત્રિવેદી, અનસૂયા ત્રિવેદી, પાર્શ્વ, અમદાવાદ, (૧૯૭૧), ૨૦૦૨

# કવિતા

## કાવ્યસપ્તક

### મીરાંનાં ત્રણ પદો

**૧**

વરમાળા ધરી ગિરિધર વરની, છૂટે છેડે ફરીએ રે,
વર તો વિઠ્ઠલ વરને વરીએ, સુણોને, લાજ કોની ધરીએ રે?
લાજ કોની ધરીએ, રાણા! કોના મલાજા કરીએ રે?
કાગડાની બુદ્ધિ કાઢી નાખી, માણેક મોતી ચરીએ રે.
સોનાં રૂપાં સઘળાં તજીએ, તિલક તુળસી ધરીએ રે.
ચીર પટોળાં સઘળાં તજીએ, ધોળાં અંગે ધરીએ રે.
શાલિગ્રામની સેવા કરીએ, સંત-સમાગમ કરીએ રે.
હરતાં ને ફરતાં સમરણ કરીએ, સંતસંગતમાં ફરીએ રે.
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ,
ચરણકમલ ચિત ધરીએ રે.

**૨**

મારી દસ આંગળીઓ થઈ છે લાલ, હું તો સપનામાં પરણી શ્રી ગોવિંદને.
કાશી ગામના રૂડા જોશી તેડાવું, હું તો રૂડા જોશ જોવડાવું.
હું તો સપનામાં પરણી૦
વાંસ મંગાવું હરિયા બાગના, હું તેના રૂડા મંડપ રચાવું.
હું તો સપનામાં પરણી૦
ગંગાજમુનાની રૂડી ગોરમટી મંગાવું, હું તો તેની રૂડી ચોરીઓ ચીતરાવું.
હું તો સપનામાં પરણી૦
અટપટી પાઘ કેસરિયા વાઘા, રેશમી સુરવાલી સીવરાવું.
હું તો સપનામાં પરણી૦
કેસરી તિલક કરું ભાલ, મારા વા'લા! હાથે બાજુબંધ પે'રાવું.
હું તો સપનામાં પરણી૦
બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, ચરણકમલ ચિત્ત લાવું.
હું તો સપનામાં પરણી૦

## ૩

(રાગ પ્રભાત)

આજ મારાં નૈણાં તૃપ્ત થયાં, જોયા નાથને નીરખી;
સુંદર વદન નિહાળીને, મારા હૈડામાં હરખી. આજ૦
જેવું મારે મન હતું, તેવું નાથજીએ કીધું;
તે પ્રભુ પ્રેમે પધારીઆ, આલિંગન દીધું. આજ૦
મારો વ્હાલોજી વિહારીલાલ, જાવા તે કેમ દીજે?
હરિને અળગા નવ મેલીએ, અંતરગત લીજે. આજ૦
શિવ ને વિરંચી મહામુનિ, તેને ધ્યાને ન આવે;
પરમ ભાગ્ય વ્રજનારનું, વહાલો લાડ લડાવે. આજ૦
ધન્ય ધન્ય રે જમુના તટ, ધન્ય વ્રજનો રહેવાસ;
ધન્ય ધન્ય રે આ ભૂમિને, વહાલો રમીઆ રાસ. આજ૦
અમરલોક અંતરીક્ષથી, જોવાને રે આવે;
પુષ્પવૃષ્ટિ ત્યાંહાં થતી, મીરાં પ્રેમે વધાવે. આજ૦

[મી]

## ગવરીબાઈ

પૂર્ણ બ્રહ્મ પૂરી રહ્યો...
પૂર્ણ બ્રહ્મ પૂરી રહ્યો અખંડ એક સ્વામી
ચૌદ ભોવન વ્યાપી, રહ્યો હરિ ત્યાંહી,
બાહિર ભીતર જ્યાંહી, તુંહી મોહ નામી; પૂર્ણ૦
ચંદમેં તું ચૈતન્ય તું, સૂરજ મેં તું તેજ,
નાહક ભજે, તું વિના દશોદિશ જામી; પૂર્ણ૦
રૂપ નહીં, રંગ નહીં, વર્ણ નહીં વિભુ,
નિરંજન નિરાકાર, નહીં માયા કામી; પૂર્ણ૦
ગવરી ગુરુ જ્ઞાન પ્રકાશ, તિમિર ભયો રી નાશ,
ભાગ્યો બ્રહ્મ ચિદ્‌વિલાસ, પૂર્ણ પદ પામી; પૂર્ણ૦

[મધ્ય]

## ઇંદ્રાવતી/પ્રાણનાથ (સ્વામી)

પીઉજી તમે શરદની રુતે રે સિધાવ્યા,
હાં રે મારા અંગડામાં વ્રેહવન વાવ્યાં.
એ વન ખિણ ખિણ કૂંપળીઓ મૂકે,
હાંરે, મારું તેમ તેમ તનડું સૂકે.
હો સ્યામ, હું તો પીઉ પીઉ કરી રે પુકારું.
વાલા, હું પીઉ પીઉ કરી રે પુકારું,
પીઉજી વિના દોહેલાં ઘણાં રે ગુજારું,
હું તો દુખડાં માંહે ને માંહે જ મારું.
હું તો નિસ્વાસા અંગમાં ઉતારું
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પુકારું.
વાલા મારા ભાદરવે તે નદીનાલાં ભરિયાં,
પીઉજી નિર્મલ જલ રે ઉછળિયાં.
વાલા મારા, ગિર ડુંગર રે ખળભળિયાં,
પીઉજી તમે એણે સમયે હજીએ ન મળિયા.
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પુકારું.
વાલા તમે ચાલતાં તે ચાર દિનડા કહ્યા,
હાં રે અમે એણી રે આસાએ જોઈને રહ્યાં.
વાલા અમે વચન તમારાં ગ્રહ્યાં,
હવે તે અવધ ઊપર દિનડા ગયા.
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પુકારું.
વાલા મારા, દિનડા આસોના આવ્યા,
હાં રે, ઘેર મેઘલિયો બારે રે સિધાવ્યા,
હાં રે, વનવેલડીએ રંગ સોહાવ્યા.
પીઉજી તમે એણી સમે વ્રજડી કાં ન આવ્યા.
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પુકારું.
વાલા મારા એક વાર જુઓ વનડું આવી,
હાં રે ચાંદલીએ જોત રે ચઢાવી.
વેલડીએ વનસપતિ રે સોહાવી,
એણે સમે વ્રહણિયું કાં વિખલાવી,
હો સ્યામ, પીઉ પીઉ કરી રે પોકારું.

[મધ્ય]

## ગંગાસતી

પી લેવો હોય તો રસ પી લેજો પાનબાઈ!
પિયાલો આવ્યો છે તત્કાળ;
વખત ગયા પછી પસ્તાવો થાશે પાનબાઈ!
અચાનક ખાશે તમને કાળ. પી લેવો૦
ભાઈ રે! જાણવી હોય તો વસ્તુ જાણી લેજો પાનબાઈ!
નીકર જમીનમાં વસ્તુ જાશે;
નખશિખ ગુરુજીએ હૃદયમાં ભરી તો આ
ઠાલવવાનું ઠેકાણું કે'વાશે પી લેવો૦
ભાઈ રે! આપ રે મૂવા વિના સંત નહિ આવે પાનબાઈ
ગુરુગમ વિના ગોથાં મરને ખાવે,
ખોળામાં બેસારી તમને વસ્તુ આપું જેથી,
આપાપાણું ગળી તરત જાવે. પી લેવો૦
ભાઈ રે! આ વખત આવ્યો છે મારે ચેતવાનો પાનબાઈ
માન મેલીને થાવને હુશિયાર;
ગંગા રે સતી એમ બોલિયાં રે,
હવે તમે હેતનાં બાંધો હથિયાર. પી લેવો૦

[મધ્ય]

## લોયણ

જી રે લાખા, એવા જો સંત રે મળે તો
એને ધોડી ધોડીને મળજો રે.
જી રે લાખા હું ને મારું છે લોઢાના કટકા જી,
એને તમે મન ક્રમ વચનેથી ભેળો રે,
જી રે લાખા, સાસ-ઉસાસની તમે ધમણું ધખાવો જી,
એને તમે તા'રે દઈને તપાવો રે.
જી રે લાખા, સતની એરણ પર તમે ઠીક કરી ઠેરાવો જી,
એને ગિનાન સાણસીથી પકડાવો રે,
જી રે લાખા, તા'રે આવ્યા વિના તમે ટાઢું મા ટીપજો જી,
જીનજે માથે શબદુના ઘણ રે લગાવો રે.
જી રે લાખા, એક રે થિયા રે પછી એનો અલંકાર બનાવો જી,
એનું બ્રહ્મ અસ્ત્ર તો બની જાશે રે,
જી રે લાખા, સતસંગની સરાણું દઈને સજ્જ કરી જોજો,
જ્યારે એનો જીવબુદ્ધિ કાટ ઉખડી જાવે રે.
જી રે લાખા, કાટ ઉખડે પછી કાળ નંઈ લોપે જી,
સે'જે તમે વૈકુંઠમાં જાશો રે,
જી રે લાખા, સેલરની ચેલી સતી લોયણ બોલ્યા જી,
ત્યારે તમે પૂરણ બ્રહ્મ બની જાશો રે.
તેજમાં તેજ મળી જાશો રે.
જી રે લાખા, એવા જો સંત રે મળે તો
એને ધોડી ધોડીને મળજો રે.

[મધ્ય]

# અંધકાર ઉપર ઝળહળતો વિજય : નાગાસાકી

## // ભારતી રાણે

દરેક શહેરને પોતપોતાની તાસીર હોય છે. ત્યાંનું વાતાવરણ, ત્યાં ઊભા રહીએ ત્યારની અનુભૂતિ બધું જ અનોખું લાગે. એકસરખી વીતકકથા હોવા છતાં બંને શહેરની અસ્મિતા અલગઅલગ હોય તેવું બની શકે. અને આ હકીકતનો પુનઃ અહેસાસ નાગાસાકી શહેરમાં થયો. હિરોશીમાને અનુભવ્યા પછી નાગાસાકી જવાનું થયું. હિરોશીમામાં મન વ્યાકુળ થઈ જ ગયું હતું. થતું હતું કે હવે એ જ વિષયમાં વધારે કાંઈ જોવાનું, સાંભળવાનું કે અનુભવવાનું અસહ્ય બની જશે. એમ પણ લાગતું હતું, કે કદાચ બંનેમાં એટલું સરખાપણું હશે કે કાંઈ નવું જ નહીં લાગે. પણ મારી માન્યતા તદ્દન ખોટી સાબિત થઈ. આ શહેર નિરાળું છે. પોતાની રીતે અસરકારક. તેની આબોહવામાં અને લોકજીવનમાં ઉઝરડાવાની વ્યથા નહીં, નવજીવનનો ઉત્સાહ છલકાતો લાગે. પીડિતોનો આર્તનાદ તો અહીંયા પડઘાય છે, પણ આ શહેર વિવિધ સંસ્કૃતિઓનાં લોકોનાં નિવાસથી નિતાંત જીવંત લાગે છે. એકંદરે અહીં વિનાશની નહીં નવપલ્લવની બોલબાલા લાગે.

હિરોશીમા કરતાં નાગાસાકી ઘણું દક્ષિણમાં છે. જાપાનનો મુખ્ય ટાપુ છે હોન્શુ. જાપાનને કોઈ જળચર પ્રાણી કલ્પીએ તો તેના પેટ જેવા આકારનો કેન્દ્રસ્થ ટાપુ. જાપાનનાં મુખ્ય શહેરો ટોકિયો, ક્યોટો, ઓસાકા, હિરોશીમા – બધાં જ આ ટાપુ ઉપર સ્થિત છે. જાપાનની મોટા ભાગની વસ્તી પણ અહીં જ વસે છે. આ ટાપુની ઉત્તરે હોક્કાઇડો ટાપુ છે. જળઘોડાના માથા જેવો. અને મધ્યસ્થ હોન્શુની દક્ષિણે નાનકડો શિકોકુ છે, અને તેની પણ દક્ષિણે જળચરની પૂંછડી જેવો છે ક્યુશુ. નાગાસાકી આ પૂંછડિયા ક્યુશુને પશ્ચિમ છેડે વસેલું છે. ભૌગોલિક રીતે દૂર હોવાને કારણે તથા હિરોશીમા જેવું જ

હશે, તેવી રૂઢ માન્યતાને કારણે વિદેશથી જાપાન આવનાર દરેક પ્રવાસી હિરોશીમા અચૂક જતો હોય છે, પણ નાગાસાકી શહેર ઘણાંબધાં પ્રવાસીઓની યાદીમાં જોવા મળતું નથી. જાપાનમાં પ્રવેશતાં જ સૌથી પહેલાં હિરોશીમા જવાની ઇચ્છા હતી. ત્યાર પછી અમારા પ્રવાસનો રસ્તો ચેરી બ્લૉસમનાં ફૂલોએ નક્કી કર્યો હતો. જાપાનમાં મધ્ય માર્ચથી એપ્રિલના મધ્ય ભાગ સુધીમાં આ ફૂલો ખીલતાં હોય છે. અને આ વસંત ભૌગોલિક કારણોસર દક્ષિણથી ઉત્તર તરફ આગળ વધે છે. અમે પણ દક્ષિણ છેડે નાગાસાકીથી શરૂ કરીને ખીલતાં ફૂલોનો પીછો કરવાનાં હતાં. પહેલાં ક્યોટો-નારામાં અને ત્યાંથી આગળ ઉત્તર છેડે હોક્કાઇડો ટાપુની ટોચ સુધી જેમ જેમ ફૂલો ખીલતાં જાય, અમે તેમને મળવા પહોંચી જવાનાં હતાં.

નાગાસાકી શહેરમાં પ્રવેશ્યાં ત્યારે દિવસ ઢળી ગયો હતો. રેલવે સ્ટેશનને ખાલી થતાં વાર ન લાગી. કદાચ આજની આ છેલ્લી જ ટ્રેઇન હશે. અને ઊતરનારાં મુસાફરોમાં પ્રવાસીઓ જૂજ અને સ્થાનિકો વધારે હતાં. જાપાનનાં ઘણાખરાં રેલવે સ્ટેશનો પર જે તે સ્થળની ખાસિયત મુજબનાં સુશોભનો મૂકેલાં દેખાય છે. આ નાગાસાકીના સ્ટેશનમાં એક સઢવાળું વહાણ મૂકેલું છે. અહીંનો ઇતિહાસ વાંચતાં ખ્યાલ આવે કે ૧૬મી સદીમાં પોર્ટુગીઝોએ અહીં એક નાનકડું માછીમારોનું ગામડું વસાવ્યું, પછી કાળક્રમે વિકસતાં-વિકસતાં ૧૬મીથી ૧૯મી સદીની વચ્ચે અહીં ડચ, પોર્ટુગીઝ વગેરે યુરોપિયનો સાથેનો વેપાર ધમધમતો રહ્યો. અખાતનાં પાણી વચ્ચે ઊભેલા પેલા ડેજીમા નામના માનવસર્જિત ટાપુ પર આ ઐતિહાસિક વ્યાપારવ્યવસ્થાનું મુખ્ય કેન્દ્ર હતું. આ વહાણ નક્કી એ દરિયાઈ વેપાર-વાણિજ્યનું પ્રતીક હશે. અને એવું કેમ ન હોય? આ કારણથી તો અહીં વિવિધ પ્રજાઓની આવન-જાવન તથા વસવાટ થતો રહ્યો, અને એનાથી જ શહેરનું વિવિધતાસભર બહુમુખી વ્યક્તિત્વ ઘડાયું.

રૂમમાં પહોંચતાં જ એની ઊંચાઈ પરથી દેખાતા દૃશ્યે મન મોહી લીધું. સ્ટેશનની પાછળ ઝળહળતાં મકાનોથી કિનારબંધ અખાત દેખાતો હતો, અને તેની પાછળ ઝબૂકતો એક ડુંગરો. રોશનીથી મઢેલા આ શહેરનો દબદબો પ્રભાવશાળી હતો. બીજે દિવસ સામે દેખાતા ૧૦૯૩ ફૂટ ઊંચા માઉન્ટ ઇનાસા પર જઈને અમે આ જ દૃશ્યને એક બીજા દૃષ્ટિકોણથી જોયું. રોપ-વે દ્વારા ઊંચાઈને આંબતાં, તથા પર્વતની ટોચ ઉપરથી આસપાસ જોતાં જે દૃશ્યો જોયાં તે અવિસ્મરણીય હતાં. અંધકાર ઉપરની વિજયપતાકા જેવી આ ઝળહળ કહી રહી હતી કે ભલે આ શહેર પર ગમે તે વીત્યું હોય, આખરે વિજય તો મનુષ્યના મનમાં સદાય ઝબૂકતી રહેતી આશાઓનો તથા નવસર્જિત થવાની ખુમારીનો થતો હોય છે.

બીજા દિવસે શહેરમાં રખડવા નીકળ્યાં ત્યારે બધું જાણે પરિચિત લાગતું હતું. કોઈ સ્થળને અનુભવવા, તેની જાણીતી-અજાણી ગલીઓમાં ચાલતાં જ નીકળી પડવાની મજા કાંઈ ઑર જ હોય છે. શહેર ટેકરાળ જમીન પર વસ્યું છે, એટલે મકાનો અને સ્મારકો ઢોળાવો અને ઊભારો વચ્ચે ગોઠવાયેલાં લાગે. સ્ટેશનથી થોડે દૂર જતાં ફૂટપાથ ઉપરથી ઊંચે લઈ જતાં પગથિયાં દેખાયાં. ઉપર જવાનું મન થયું, તેમાં એક ઐતિહાસિક ઘટનાની મુલાકાત થઈ ગઈ, જેને કારણે શહેરની અલગ તાસીર જરાક વધારે સ્પષ્ટતાથી સમજાઈ.

સોળમી સદીના અંતના સમયખંડમાં અહીંના અખાતમાં સ્થિત ડેજીમા નામનો ટાપુ પરદેશ સાથેના વ્યાપાર-વાણિજ્યથી ધમધમતો. યુરોપના વિવિધ ભાગોમાંથી અહીં આવતાં વ્યાપારી વહાણોમાં ડચ તથા પોર્ટુગીઝ વહાણો મુખ્ય હતાં. યુરોપથી આવતા વ્યાપારીઓની સાથે સાથે ખ્રિસ્તી ધર્મપ્રચારકો પણ આવવા લાગ્યા. તત્કાલીન સત્તાધીશ રાજા ટોયોટોમી હિદેયોશીને આ વાત જોખમી લાગી. જાપાનની મૂળભૂત સંસ્કૃતિ તથા ધર્મ નાશ ન પામે તે ઇરાદાથી તેણે મિશનરી ધર્મપ્રચારકોના આવવા, રહેવા તથા ધાર્મિક ભાષણો કરવા ઉપર પ્રતિબંધ લાદ્યો. તેણે ફરમાન કર્યું કે તેના રાજ્યમાં કોઈ ખ્રિસ્તી ધર્મનું પાલન નહીં કરી શકે. પરંતુ ધર્મપ્રચારકો છાનામાના પ્રચાર કરતા રહ્યા, અને કેટલાક લોકો છાનાંમાનાં ખ્રિસ્તી ધર્મ પાળતાં રહ્યાં. રાજા આવાં લોકોને પકડીને સજા આપતો. એક દિવસ બીજાઓમાં દાખલો બેસાડવા માટે આ રીતે ફરમાન વિરુદ્ધ જતાં પકડાયેલા લોકોને મૃત્યુદંડ દેવામાં આવ્યો. આ છવ્વીસ માણસોમાં ૨૦ સ્થાનિક જાપાનીઓ હતાં. બાકીના ૬ વિદેશી ધર્મપ્રચારકો હતા. અમે જ્યાં અનાયાસ પહોંચી ગયેલાં ત્યાં આ તમામ લોકોનો બીજી ફેબ્રુઆરી ૧૫૯૭ના દિવસે વધ કરવામાં આવ્યો હતો. અહીં એક લાંબી તકતી પર તેમનાં પૂતળાં કોરેલું સ્મારક છે. વેદિની સામે ફૂલો ખીલ્યાં હોય, તેવા પ્લમના વૃક્ષનું પ્રતીક છે. કારણ કે પ્લમના વૃક્ષ ઉપર ફેબ્રુઆરી મહિનામાં ફૂલો ખીલે છે, અને આ લોકોનો વધ પણ ફેબ્રુઆરીમાં થયો હતો. આમ અહીં ફૂલોનું ખીલવું શહાદતના પ્રતીક રૂપે દર્શાવાયું છે. આ ઘટના વિશે કોઈ મંતવ્ય કે માન્યતાભર્યો અભિપ્રાય મનમાં નથી. મારું એ કામ પણ નથી. હું તો પ્રવાસી છું. સાક્ષીભાવે સ્મારકને જોતી રહું છું. મને તો આ પ્રતીકની પસંદગીમાં ચોક્કસપણે જાપાનની પ્રજાનો પુષ્પપ્રેમ વ્યક્ત થતો દેખાય છે. અને સદીઓથી ચાલી આવતી આંતરરાષ્ટ્રીય વ્યાપારી ગતિવિધિઓને કારણે આ સ્થળ વિવિધ સંસ્કૃતિઓના સમન્વયથી સમૃદ્ધ થયું હશે, તથા એ થકી સમયાંતરે તેની એક અલગ પ્રતિભા ઘડાઈ હશે તે સમજાય છે.

ચાલતાં-ચાલતાં અમે એક શાંત બાગે પહોંચ્યાં. અંદરની તકતીઓ જોતાં સમજાયું કે જ્યાં અણુબૉમ્બ ઝીંકાયો તે સ્થાન ગ્રાઉન્ડ ઝીરો અહીં છે. તેના ઉપર કોઈ ખંડિયેર નથી પરંતુ બે સ્તંભાકાર સ્મારકોની ફરતે સુંદર બાગ છે, જેમાં સાકુરાનાં અઢળક ફૂલો ખીલે છે. બાગના એક છેડે પોતાના બાળકને હાથમાં લઈને ઊભેલી માતાનું પૂતળું છે. સાકુરાના વૃક્ષની છાયામાં ઊભેલી, શોકમગ્ન લાગતી માતાના ચહેરા ઉપર અસીમ શાંતિ વ્યાપ્ત છે. પૂતળાનો અર્થ તો ન સમજાયો, પરંતુ પૂતળાની નીચે તકતી પર બૉમ્બબ્લાસ્ટનો ૧૯૪૫ની ૯ ઑગસ્ટે ૧૧ વાગીને ૦૨ મિનિટનો સમય અંકિત છે, તે પરથી વિચાર આવ્યો કે, શું આ માતા પોતાના મૃત બાળકને લઈને ઊભેલી હશે? માતાનો ચહેરો શાંત પણ શોકમગ્ન છે. તેના પાની સુધીના લાંબા સ્કર્ટ ઉપર ગુલાબનાં ફૂલ ટાંકેલાં દેખાય છે. પળભર અમે સાકુરાના વૃક્ષને પૂતળા ઉપર ફૂલોનો છાંયડો ઢોળતું જોતાં રહીએ છીએ. વૃક્ષ જાણે આવતી કાલની આશા છે! મનમાં વિશ્વશાંતિની મંગલકામના છલકાય છે. અહીંનું શાંતિવન અર્થાત્ પીસપાર્ક ગ્રાઉન્ડ ઝીરો ઉપર નહીં, તેનાથી જરાક દૂર છે. હા, હવે અહીંના શાંતિવનને તથા મ્યુઝિયમને જોવા માટે મન તત્પરતાથી તૈયાર છે.

નાગાસાકીનું શાંતિવન જરાક ઊંચાણ પર વિસ્તરેલું છે. તેના પ્રવેશદ્વારમાં પ્રવેશ્યા પછી ઉપરના સમતળ સુધી પહોંચવા માટે એક તરફ પગથિયાં છે ને બીજી તરફ એસ્કેલેટર મૂકેલું છે. બંનેની વચ્ચે એટલી સરસ રીતે ફૂલો

ઊગાડેલાં છે કે જાણે ફૂલોની રંગોળી પૂરી હોય તેવું લાગે! પાર્કમાં ઉપર પહોંચો એટલે એક શીતળ જળનો ફુવારો તમારું સ્વાગત કરે. બૉમ્બ ઝીંકાયો ત્યારે અગણિત લોકો પાણી માગતાં તરસ્યાં જ મૃત્યુ પામ્યાં. જાપાનની પ્રજાના મનમાં એ વાતનું ઊંડું દુઃખ છે. આ તરસ્યાં મૃતકોના આત્માને શાંત કરવાની ભાવના સાથે અહીં આ ફુવારો મૂક્યો છે. ફુવારાનો આકાર સારસપંખીની બે પાંખ જેવો છે, કારણ કે સારસને અહીં શાંતિ અને આશાનું પ્રતીક માનવામાં આવે છે. ફુવારાથી આગળ ગોળાકાર ફેલાયેલા આખાય પાર્કમાં સુંદર શિલ્પકૃતિઓ જોવા મળી. અણુબૉમ્બ ઝીંકાયા પછી જાપાનની ઉઝરડાયેલી પ્રજા પ્રત્યે સહાનુભૂતિ તથા સ્નેહ વ્યક્ત કરવા માટે વિશ્વના વિવિધ દેશોએ આ શિલ્પ મોકલ્યાં છે. દરેક કૃતિની નીચે મોકલનાર દેશનું નામ તથા સંદેશ કોતરવામાં આવેલ છે. પૂતળાં અસંખ્ય છે, અને દરેકે દરેકને કાંઈક ગૂઢાર્થ છે. દરેકની નીચે લખેલું લખાણ પણ હૃદયસ્પર્શી છે. નવાઈની વાત એ હતી કે આ સ્મારકોમાં એક અમેરિકાએ મોકલેલું શિલ્પ પણ હતું!

પાર્કની નજીકમાં એક મ્યુઝિયમ પણ છે. આ મ્યુઝિયમમાં અણુબૉમ્બનો ઇતિહાસ તથા તે કઈ રીતે વિકસ્યો તેની વાત છે. સાથે સાથે વિશ્વભરમાંથી તેને નાબૂદ કરવાની હાર્દિક અપીલ છે. વિનાશના અગણિત નમૂનાઓ સાથે અહીં અનેક ડૉક્ટરોના બલિદાનની તથા મૃત્યુ સામે લડતા રહીને પણ તેમણે કરેલી યશસ્વી કામગીરીની વાત છે. વિસ્ફોટ દરમ્યાન ફરજ ઉપર જ મૃત્યુ પામેલ કોઈ ડૉક્ટરનો રક્તરંજિત યુનિફોર્મ, નિશ્ચિત મૃત્યુનો ઓથાર ભૂલીને લોકસેવામાં વ્યસ્ત રહેતા કે પછી પત્ની મૃત્યુ પામી હોય, પછી પોતે મોતના મોંમાં ધકેલાઈ રહ્યો હોય, તેવા ડૉક્ટરે કરેલ સાવ નાનાં અબુધ બાળકોને છોડી જવાના અનિવાર્ય ભાવિના સામનાની વાતો તથા તેમની લાચાર બાળકો સાથેની તસવીર. પેલી બાળકી સદાકોએ, દસ હજાર પંખી બનાવે તો જીવી જવાય – તેવી આશામાં બનાવેલ કાગળનાં ૯૯૯૯ ક્રેઇનનું તોરણ છે જેમાં એક ઘટ્યું ને તેનું મૃત્યુ થયું; તે મ્યુઝિયમના વલયાકાર દાદરની દીવાલ ઉપર લગાડેલું છે.

પણ મ્યુઝિયમમાં સૌથી હૃદયસ્પર્શી હતાં નાનાં બાળકોની વસ્તુઓ નીચે મૂકેલા હેડફોનમાં સાંભળી શકાતા તેમના ઉદ્ગાર. વિનાશમાં જેમણે મા-બાપ, કુટુંબ, ઘર, સઘળું ગુમાવી દીધું હોય, તેવી વ્યક્તિઓના ઉદ્ગારો સાંભળતાં મન દ્રવી ગયું. ખરેખર જગતમાં ક્યાંય યુદ્ધ ન હોવું જોઈએ, ક્યાંય માનવસર્જિત સંહાર ન હોવો જોઈએ. ફરી ક્યાંય આવો આર્તનાદ સાંભળવા ન મળે, તેવી પ્રાર્થના મનમાં જાગે છે. વિસ્ફોટ વખતે સઘળું ગુમાવી બેઠેલ પાંચ વર્ષની એક બાળકીના થોડાં વરસ પછીની અનુભૂતિના ઉદ્ગારો કાન ઉપર મૂકેલ હેડફોનમાં હું સાંભળી રહી છું. એનું નામ ફ્યુજીઓ ત્સુજીમોટો લખેલું છે. તે આર્દ્ર સ્વરમાં કરગરી રહી છે : 'મહેરબાની કરીને મને મારા ભૂતકાળમાં પાછી લઈ જાવ. એકવાર માત્ર એક વાર! મારે મા જોઈએ છે. પિતા જોઈએ છે. મારો ભાઈ, મારી બહેન...' કાશ, આ આર્તનાદ ભૌગોલિક સરહદો તોડીને આખીય દુનિયામાં ગૂંજી ઊઠે. દુનિયા એને સાંભળીને દ્રવી જાય, પછી ન રહે યુદ્ધો, ન રહે સંહાર, ન રહે ક્રંદન, વિશ્વશાંતિનાં આ તીર્થસ્થાનોએ આપેલ સંદેશને વ્યાપી જવા દો સચરાચરમાં....

*[કુમાર, સપ્ટેમ્બર, ૨૦૧૭]*



**અમૃતા શેરગીલ** (પંજાબી) વિખ્યાત હંગેરિયન-ભારતીય ચિત્રકાર (જ૦ ૩૦.૧.૧૯૧૩, બુડાપેસ્ટ, હંગેરી) – અવ૦ ૫ ડિસે. ૧૯૪૧ લાહોર, બ્રિટિશ ભારત)

૮ની વયે ચિત્ર-કાર્ય, ૧૯ની વયે ચિત્રકાર તરીકેની સ્વીકૃતિ – Young Girls (૧૯૩૨) ચિત્ર થકી.

૨૦મી સદીના આધુનિક ચિત્ર-જગતની એક ઉત્તમ નારી ચિત્રકાર તરીકે એની ગણના થાય છે. હંગેરી ઉપરાંત તુર્કી-ફ્રાન્સ-ભારતમાં ફરીને એ દેશોની ઉત્તમ ચિત્રકળામાંથી પોષણ મેળવી પોતાની મુદ્રા ઊભી કરી. એનું અંગત જીવન મુક્ત, ખુલ્લું, હિંમતભર્યું પણ સંવેદનની-શરીરની ઘણી વેદનાઓ પીડાઓ વાળું વીત્યું.

એની ચિત્ર-કળાકૃતિઓએ સૈયદ હૈદર રજા, અર્પિતા સિંહ જેવા અનુગામી ચિત્રકારો પર પ્રભાવ પાડ્યો અને ખાસ તો, ભારતીય નારી-ચિત્રકારો માટે એણે દીવાદાંડીની ગરજ સારી.

*(વિકીપીડિયાને આધારે)*



*By Amrita Sher-Gil, Young Girls, 1932, oil on canvas, National Gallery of Modern Art, Delhi*

સ્મરણ-
કથન

# ગુરુદેવ [ટાગોર]

## મૂળ બંગાળી લે૰ રાણી ચંદ // અનુ૰ સુજ્ઞા શાહ

આ જાપાનીઝ ઓરડાની ગોળ બારીની પાસે એક દિવસ બપોરે ગુરુદેવ એક લાંબા કોચ પર બેઠા હતા. હવે ગુરુદેવની તબિયત ઘણી સારી થઈ ગઈ હતી. વચ્ચે વચ્ચે વાંચતા, લખતા, એક બે ડ્રોઇંગ પણ કર્યાં. એમની સેવા કરવા જેવું કામ એવું કાંઈ અમારે માટે રહેતું નહીં, ખાસ કરીને બપોરને વખતે, ખાલી ઘડિયાળ જોઈને દવા પીવડાવું અને બોલ્યા વગર પાસે બેસી રહું. ગુરુદેવનો હાથ કે પગ કે માથું જેવું થોડું હાલે એટલે આગળ આવીને પૂછું, 'કાંઈ જોઈએ છે ગુરુદેવ?' ગુરુદેવ કોઈવાર કહે, 'પેન આપ. નોટ આપ. ચાદર લઈ આવીને પગ ઢાંકી દે. ઠંડી લાગે છે.' આવાં નાનાં કામ, બીજું શું?

તે દિવસે બપોરે મારો વારો હતો. થોડું આમ તેમ પતાવીને ગુરુદેવ પાસે બેઠી હતી. ગુરુદેવ કહે, 'જો, મારે લીધે તમારો કેટલો બધો સમય બગડે છે, એ મને બહુ ખરાબ લાગે છે, હવે તો મને સારું છે, તમારે ખાસ કાંઈ કરવાનું હોતું નથી, ચૂપ થઈને બેસી રહ્યા વગર આ સમયમાં કાંઈક કર.'

ગુરુદેવે કેટલીયવાર પહેલાં મને લખવાનું કહ્યું હતું. હસીને વાત ઉડાડી દેતી. 'લખવાનું અને હું! એ શું શક્ય છે?'

'ગુરુદેવ કહે, જો તો ખરી, એક વાર પ્રયત્ન તો કર.' કહે, 'તું ચિત્ર કરી શકે છે, લખી પણ શકીશ. કવિતા લખ, લખીને જો ને. જોજે બરાબર થશે.'

સાંભળીને હસી હતી.

પણ આજે બપોરે જ્યારે ગુરુદેવ બોલ્યા, 'તુ લખ રાણી, જે પણ કાંઈ, થોડું લખ. સમય બરબાદ ન કરીશ.' તે દિવસે કોણ જાણે કેમ હસી ન શકી. હસવું ન આવ્યું. કહ્યું, 'ગુરુદેવ મને લખતાં તો નથી આવડતું, કોઈ દિવસ લખ્યું નથી; પણ તમારી માંદગી વખતે એક દિવસ અવનીન્દ્રનાથ કાંઈક બોલ્યા હતા એ લખી રાખ્યું છે, તમે બતાવો તો એમાંથી એક લેખ તૈયાર કરી શકું.'

ગુરુદેવની માંદગીમાં અવનીન્દ્રનાથ રોજ સવાર-સાંજ પેલા ઘરેથી આ ઘેર આવીને રવિકાકાની ખબર કાઢતા. ઓરડામાં ન આવે, કહે, 'ઓ બાબા, માંદો સિંહ પથારીમાં પડ્યો છે, એ હું નહીં જોઈ શકું.'

ગુરુદેવ થોડા સારા થતા જતા હતા, એ ખબરથી અવનીન્દ્રનાથનું મન પણ સારું હતું – તે દિવસે વિચિત્રા હૉલમાં બેસીને વાતવાતમાં કેટલીય વાતો સવારમાં કરી ગયા. જતી વખતે કહે, 'રાણી, ઘણાં લોકો મને પૂછે, કોઈને હું કાંઈ જ ન કહું. આજે એની મેળે જ બધી વાતો બહાર આવી. આ બધી કિંમતી વાતો છે, વેડફી ન નાખીશ. સાચવી રાખજે.' બોલીને અવનીન્દ્રનાથ જતા રહ્યા. એમની એ બધી વાતો મારા મનમાં ઘૂમવા લાગી. એ એક મોટી જવાબદારી મનમાં લાગી. પરંતુ કેવી રીતે સાચવી રાખું? છેલ્લી રાતના પહોરે ગુરુદેવના ઓરડામાં ડ્યુટિ કરું અને વિચાર્યાં કરું. છેવટે થયું કે જેમ જેમ અવનીન્દ્રનાથે કહ્યું છે બરાબર એમ જ યાદ કરીને લખી રાખું.

ગુરુદેવના માથા બાજુ ઓરડાના ખૂણામાં રાખેલા ફાનસના અજવાળામાં બેસીને થોડા દિવસ લખ્યું. વિચાર્યું, આ રીતે વાતો સચવાઈ તો રહેશે, તે પછી સુયોગ મળશે તો કોઈ સારા લેખક પાસે સારું લખાણ તૈયાર કરાવીશ.

ગુરુદેવે પૂછ્યું, 'એ બધી વાતો તારી પાસે લખેલી છે?'

મેં કહ્યું, 'હા',

'જા, લઈ આવ તો.'

ઉદયનની પાસે જ કોનાર્ક. દોડીને ત્યાં જઈ ખાનું ખોલી લખાણ લઈને ગુરુદેવ પાસે આવી. ગુરુદેવ વાંચવા લાગ્યા. બે-ત્રણ પાનાં વાંચ્યાં. પછી મેં જોયું કે એમના કપાળ પર પરસેવો થઈ ગયો હતો. લખતાં કે વાંચતાં થોડાકમાં જ હમણાં હમણાં ગુરુદેવ થાકી જાય છે. મને ચિંતા થવા લાગી. વિચારવા લાગી કે આ પાનું વંચાઈ જતાં જ કહીશ કે ગુરુદેવ હવે ન વાંચતા, બાકીનું કાલે વાંચજો. જેવું બોલવા જાઉં છું કે એક ક્ષણમાં ગુરુદેવે પાનું ફેરવ્યું અને બીજું પાનું વાંચવાનું શરૂ કર્યું. એટલું ધ્યાનથી વાંચતા હતા કે કાંઈ પણ કહેવાની હિંમત ન ચાલી. એક પછી એક પાનાં આમ વંચાતાં ગયાં. વચ્ચે અટક્યા જ નહીં. ગુરુદેવનો ચહેરો લાલ થઈ ગયો છે, કપાળ પર પરસેવોનાં મોટાં બિંદુ થઈ ગયાં છે; ભય અને ચિંતાથી ચંચળ થઈ ઊઠી. એકવાર એમના હાથમાં પકડેલા કાગળોને જોઉં, એકવાર એમના ચહેરાને જોઉં.

જાણે એક જ શ્વાસે ગુરુદેવ બધું વાંચી ગયા. કહેવા લાગ્યા, 'આ બહુ સરસ થયું છે, સ્પોન્ટેનિયસ થયું છે, અવન કહી રહ્યો છે, હું સાંભળી શકું છું. આમાં બદલવા જેવું કશું નથી. તું અવન પાસેથી બીજી વાતો પણ લઈ આવ. આવી રીતે એની પાસે બોલાવડાવવું પડશે, એ બેસીને લખે એવો નથી.' એમ કહી ગુરુદેવે એ લખાણની એક બાજુ લખ્યું. અવનીન્દ્રનાથને એ પત્ર આપ્યો.તો અવનીન્દ્રનાથે જેમ નાનું બાળક રંગીન રમકડું મળે ને કેવું મુઠ્ઠીમાં સંતાડી દે – એવી રીતે એમણે એ કાગળનો ટુકડો લઈ લીધો. કહે, 'રાણી, આ પત્ર તને નહીં આપું. આ તો રવિકાકાએ મને લખ્યું છે. આ મારો પત્ર છે.'

પત્રમાં લખ્યું હતું. 'અવન કમર બાંધીને બેસીને લખે એવો તું નથી. આ વસ્તુ તારા સિવાય બીજું કોઈ કહી શકે એમ નથી, તું રાણીને આવી બીજી વાતો પણ કહે –'

બીજું પણ લખ્યું હતું, બધું યાદ નથી આવતું. થોડા દિવસ પછી ગુરુદેવે મને કલકત્તા મોકલી, કહે, 'જા, અવન પાસેથી બીજી વધારે વાતો લઈ આવ. એ જે મારો સમય ગયો છે – સોને મઢેલો સમય! અવનીન્દ્રનાથ ઉપર ગુરુદેવનો સ્નેહ ઉભરાઈ જાય છે. મારા દ્વારા કહેવડાવ્યું — 'અવનને જઈને મારા નામથી કહેજે, મારે બધું સાંભળવું છે.'

અવનીન્દ્રનાથ ખુશીથી ઊછળી પડ્યા, 'રવિકાકા વાતો સાંભળીને ખુશ થયા, બીજી વાતો એમને સાંભળવી છે!' કહે, 'બને એટલી વાતો લઈ જા, રવિકાકાને જઈને સંભળાવ.'

તે વખતે હું જાણે બંને જણનાં સ્નેહ-પ્રેમનું વાહન થઈને ગઈ હતી.

જોડાસાંકોના છ નંબરના ઘરમાં ત્યારે હું એકલી હતી. ત્યારે અવનીન્દ્રનાથ રોજ સવારસાંજ પાંચ નંબરનાં ઘેરથી આવે, બેત્રણ-ચાર કલાક બેસી વાતો કરી જાય. આખી રાત જાગી એ બધી વાતો હું લખી નાખું. બીજે દિવસે સવારે એમને સંભળાવું, તે પછી પાછી નવી વાત સાંભળું. અવનીન્દ્રનાથનો ખૂબ ઉત્સાહ. કહે, 'જેટલું બને એટલું લઈ લે, મારી પાસે પણ હવે વધારે સમય રહ્યો નથી. કોણ જાણતું હતું, રવિકાકા મારી આ બધી વાતો સાંભળીને આટલા ખુશ થશે!' બોલતાં બોલતાં એમની આંખમાં ઝળઝળિયાં આવી જતાં.

સાત દિવસે કેટલીક વાતો લખીને આશ્રમ પાછી ફરી. અવનીન્દ્રનાથે કહી દીધું – 'આ વખતે આ જ લઈ જા. જઈને સંભળાવ રવિકાકાને. એમના અસ્વસ્થ શરીરને વધારે પડતા ઉત્સાહ આનંદ આપતાં પણ ડર લાગે. એ ધ્યાનમાં રાખીને એમને સંભળાવજે. આ વાતો સાંભળીને એમની માંદગીના બિછાને એક ક્ષણ માટે પણ જો એ આનંદ પામે તો એ હશે મારો શ્રેષ્ઠ પુરસ્કાર.

ગુરુદેવ તે વખતે ઉદયનના બીજા માળના ઓરડામાં બારીમાંથી દૂર સુધી જોઈ શકે એટલા માટે એમને ઉપર લાવવામાં આવ્યા. ગુરુદેવ સવારે બારી પાસે બેઠા હતા. મેં એમના હાથમાં લખાણ મૂક્યું. ગુરુદેવ વાંચવા લાગ્યા. હું એમનો ચહેરો જોઈ રહી. વાંચતાં વાંચતાં કોઈ જગ્યાએ જોરથી હસવા લાગ્યા, કોઈક જગ્યાએ ટપટપ કરીને આંખમાંથી આંસુ પડવાં લાગ્યાં, હાથમાંના રૂમાલથી આંસુ લૂછ્યાં. આવી રીતે ગુરુદેવની આંખમાંથી આંસુ પડતાં પહેલીવાર જોયાં.

કહે, 'આશ્ચર્યજનક સ્વરૂપ આપ્યું છે – એક પછી એક ચિત્રો અવને ફૂટવ્યા છે. એ એક યુગ. રવિકાકા એમાં પ્રકાશમાન. એમની સાથે એમણે એ બધાંને લીધાં હતાં. કેટલું જીવંત, બધું જ જાણે ઘુમરાય છે. કેવી રીતે એ યુગને એણે પ્રગટ કર્યો છે – એવું કોઈ ન કરી શકે.'

રોજ તેઓ થોડું થોડું વાંચતા. તે પછી હું મૂકી રાખતી. બીજે દિવસે ફરીથી લખાણ આપું. વાંચતાં વાંચતાં ગુરુદેવ બોલ્યા, 'જો એક એક યુગની એક એક મનોવૃત્તિ દેખાઈ આવે. તે વખતે એ સ્વદેશી યુગ ચારેય બાજુ કેવો એક ઉન્માદ. બંગભંગનું આંદોલન.' પી૦ એન૦ બોઝ કહેતા, 'રવિબાબુ – આ જે થયું, પૂરું થઈ ગયું.' એટલે કે દેશનો ઉદ્ધાર થઈ ગયો. કહેતો, 'થયો હશે.' તે પછી એ યુગ ગયો, ગયો એ ઉન્માદ સીરિયસ થઈ ગયો. અહીં આવી ગયો. ભાંગ્યોતૂટ્યો

ઓરડો, ફર્નિચર વગરનો, ગરીબની જેમ રહેવા લાગ્યો. તે વખતના મને અવને કેટલી સરસ રીતે રજૂ કર્યો છે. બતાવ્યો છે. બધા વિચારે કે મેં આખી જિંદગી પગ પર પગ ચડાવી બાબુગીરી જ કરી છે. પણ હું કેટકેટલામાંથી પસાર થયો છું એ આ લખાણમાંથી સ્પષ્ટ રીતે જાણવા મળે છે.'

જે દિવસે વાંચવાનું પૂરું થઈ ગયું તે વખતે બધા કાગળો બાજુએ મૂકવા આગળ આવી. ગુરુદેવ કહે, 'રથીને બોલાવ.'

રથીદાને બોલાવી લાવી. રથીદા આવીને પાછળ ઊભા રહ્યા. ગુરુદેવને ખ્યાલ આવી ગયો. લખાણના કાગળો ડોકી પાસે ધરીને કહે : પ્રેસમાં આપો.

રથીદા લખાણ લઈને પાછા ગયા.

આ થઈ 'ઘરોઆ' પુસ્તકની શરૂઆત. (ક્રમશઃ)

*[કુમાર, ઑગસ્ટ,૨૦૧૭]*



*By Amrita Sher-Gil, Bride's Toilet, 1937*

પુસ્તક-
પરિચય

# ‘સહરાની ભવ્યતા’ : એક વિરલ ચરિત્રકૃતિ
## // દર્શના ધોળકિયા

કૉલેજકાળના અભ્યાસ દરમિયાન ‘કુંવરબાઈનું મામેરું’ને ‘નળાખ્યાન’ ભણતાં પ્રેમાનંદ પર ઓળઘોળ થઈ જવાયેલું. એની ચરિત્રની ઓળખ આપવાની અભિવ્યક્તિક્ષમતા, નિરીક્ષણકલા ને સંવેદનની સૂક્ષ્મતા પર. નરસિંહના ‘ચોક માંહે તુલસીનાં વંન’ ને નળના ‘દીઠે અડસઠ જાત્ર’ એ પરિચયની અર્ધ પંક્તિએ તો મને અંદર-બહાર ઝળાંહળાં કરી દીધેલી! પછી તો ‘શિયાળાની સવારનો તડકો’ જેવી અનવદ્ય કૃતિઓમાંથી પસાર થવાનું આવ્યું. ચરિત્રાલેખન વિશેની સમજ ધીમે-ધીમે કેળવાતી રહી ને એ જ ગાળામાં આવી સંતૃપ્તિ ને સભરતા શ્રી રઘુવીર ચૌધરીની ‘સહરાની ભવ્યતા’ પાસે ઉપનિષદ રચતી વેળા સાંપડી. તાજેતરમાં એના પુનર્વાચનની વેળાએ એક જુદો ને નવો અર્થપ્રકાશ મને સંપડાવ્યો – આ કૃતિમાં પ્રકાશિત થયેલાં કેટલાંક ચરિત્રોના નિકટના પરિચયે અને અનુભવે સંપડાવેલી જીવનને જોવાની બદલાતી જતી દૃષ્ટિને લઈને.

કૃતિના પ્રાસ્તાવિકમાં રઘુવીરે ઉચિત રીતે નોંધ્યું છે તેમ, આ માત્ર રેખાચિત્રો જ નથી, અભ્યાસલેખો પણ છે. એ સંદર્ભમાં આ ચરિત્રો માત્ર આસ્વાદ્ય જ નહીં, ઉપાસ્ય પણ બન્યાં છે. અહીં આલેખાયેલાં ચરિત્રો માત્ર સાહિત્યકારોનાં જ નથી; એ સૌ સાહિત્યના, જીવનના, પ્રજાના ઉપાસકો પણ છે ને એ પણ એટલી માત્રામાં કે તેમને પુણ્યશ્લોક વ્યક્તિત્વો કહેવામાં અત્યુક્તિ થતી નથી. આ સૌએ પોતપોતાના ક્ષેત્રની ઉપાસના કરતાં-કરતાં અનાયાસ શીખવ્યું છે – જીવન જીવવાનું, વિદ્યાની ઉપાસના કરવાનું, મનુષ્યત્વનું સંવર્ધન કરવાનું.

પ્રસ્તુત કૃતિમાં કેવા-કેવા લોકો ઝિલાયા છે! – પંડિત સુખલાલજી, ઉમાશંકર, કિશનસિંહ, યશવંતભાઈ, મડિયા, જયંતિ દલાલ, બચુભાઈ રાવત, સુન્દરમ્, સ્નેહરશ્મિ – એક જુઓ ને એક ભૂલો તેવા. આ મહાનુભાવો સ્વાભાવિક રીતે જ આ કૃતિ લખાયાના સમયે મોટેરા છે. પોતપોતાના ક્ષેત્રમાં નીવડી ચૂકેલા છે. આ સંદર્ભમાં રઘુવીરે એ સૌનો જુદા જ અર્થમાં પ્રભાવ ઝીલ્યો છે. એ પ્રભાવ આ સૌના પદનો, કીર્તિનો નથી. એ છે આ સૌએ લોકહૃદયમાં જમાવેલાં સ્થાનનો, એમનાં વ્યક્તિત્વને એ સૌએ આપેલા ઘાટનો, પોતપોતાના સમય પર મેળવેલો વિજયનો, એમના અસ્તિત્વે ફેલાવેલી સુગંધનો. ઝડપથી કોઈની ઓઝડમાં ન આવનારા રઘુવીરના હૃદયમાં આ સૌ પ્રતિબિંબિત થયા છે એમની ઉપસ્થિતિમાત્રથી પ્રતીત થતી નજાકતથી, એમનાં આંતરિક વીર્યથી.

એક એક ચરિત્રને પોતાની કલમની પીંછીથી આલેખતા રઘુવીરને પોતે જે નિહાળ્યું છે તે કહેવાની બિલકુલ ઉતાવળ નથી. સંગીતકારની ધીરજથી લેખક અહીં એક એક સપ્તક સર કરતા જાય છે. ક્યાંક તો અધૂરેથી વાત મંડાય છે – જાણે વિચાર કરતાં કરતાં કશુંક હાથમાં આવી ગયું હોય. ‘ઉમાશંકર’નો આરંભ આ અર્થમાં જોવા જેવો છે : ‘પ્રેમ પક્ષપાત બની ન જાય અને અસ્વીકાર પૂર્વગ્રહમાં ન પરિણમે એ અંગે ઉમાશંકર સતત કાળજી રાખતા લાગે. સ્નેહની તીવ્ર લાગણી અનુભવનાર સંબંધ પરત્વે તટસ્થ રહે! ઉમાશંકર રહે છે. અને છતાં જેને નથી મળાયું એની સાથે પણ ઓળખ અનુભવે છે.’ (પૃ૦ ૯)

ઉમાશંકર વિશે સહૃદયને જે આદર જાગે છે તે રઘુવીરના આ નિરીક્ષણથી : ‘એ દોરવાતા નથી, પોતાના અભિપ્રાયથી ચાલે છે. સામાન્ય રીતે અભિપ્રાયનો અમુક અંશ અપ્રગટ રાખે છે, જેથી ભૂલ સુધારવા વારો આવે નહિ. જેમ અભિભૂત ન થાય તેમ કોઈને વિશે આશા પણ છોડી ન દે. ગમે તેવાના સુધરવા વિશે એ આશાવાદી છે અને માને છે કે માણસ પોતાની ગરજે સુધરે છે.’ (પૃ૦ ૧૦)

ઢળ્યા કે જળ્યા વિના રઘુવીરે આલેખેલાં આ વ્યક્તિત્વો વિશે ક્યાંક જ અને ક્યારેક જ તેઓ અંજલિબદ્ધ બની બેઠા છે. એવાં સ્થાનોમાં એક બાજુથી તીર્થનું પાવિત્ર્ય છે તો બીજી બાજુથી એ તીર્થ યાત્રાએ નીકળેલા યાત્રીનું વૈષ્ણવત્વ પણ એટલું જ બળૂકું પ્રમાણિત થાય છે. આવાં સ્થાનો ઓછાં ને ઓછાં હોવા છતાં સહૃદયને તરબતર કરી દે છે : ‘કિશનસિંહ યોગી નહોતા, ભક્ત હતા પણ એમને જોતાં જ હાથ અંજલિ બનીને પ્રણમી રહેતા. એમને બાથમાં સમાવી શકનાર એમના મિત્રો ધન્ય છે, કેમ કે એ એક એવા માણસને ભેટતા રહ્યા હતા જેણે પૃથ્વીલોક સાથેનો હર્યોભર્યો પ્રેમસંબંધ છોડ્યા વિના વિકાસ સાધ્યો હતો, કાયાકલ્પની એક કલ્પના સાથે ભવિષ્યમાં પગ મૂક્યો હતો.’ (પૃ૦ ૩૧)

એવું જ આ બીજું દૃષ્ટાંત :

‘મડિયા જેવા મુરબ્બી મિત્રો મળવાના હોય તો અજ્ઞેય અને નિષ્ઠુર નિયતિ પાસે મુક્તિના વિકલ્પે જીવન જ માગવાનું ગમે. જોકે જીવનના અંત પછી બીજા કોઈ આરંભની લેશમાત્રા આકાંક્ષા નથી. પણ મડિયા સાથે ચાલવા માટે ફરીથી ઊભા થવાની ઇચ્છા થાય ખરી.’ (પૃ૦ ૩૩)

તો પંડિતજી વિશેનું આ વિધાન :

‘પંડિતજી જતાં જાણે કે સામેથી એક શિખર અદૃશ્ય થઈ ગયું અને એના અંતસ્તલમાંથી વહેતું ઝરણું જુદીજુદી આંખોમાં ઠરી પાછું વહી ગયું.’ (પૃ૦ ૧૯૬)

એ જ રીતે નગીનદાસ પારેખને અપાયેલો આ અર્ઘ્ય :

‘જ્યાં એમણે અભિપ્રાય આપવાનો હોય એનો પણ એમને બાધ નથી. આગ્રહ છે સંપૂર્ણ સત્યનો. એની શક્તિના પ્રતાપે, આજે પણ એ ટટ્ટાર બેસીને જવાન લેખકોથી પણ વધુ કલાક કામ કરે છે. કરોડરજ્જુ સાથે પણ સમાધાન ન કરનાર આ લેખકને, એમના સમયમાં હોવાના અહોભાગ્ય અને એમનું વાત્સલ્ય પામ્યાના અભિમાન સાથે, ચોથી પચીસીનાં બાકી વંદન પણ અગાઉથી.’ (પૃ૦ ૭૦)

અહીં આલેખાયેલાં ચરિત્રોમાં જે તે વ્યક્તિઓની પ્રશંસા કે નિંદા નથી. છે એ વ્યક્તિઓની વિલક્ષણતાનો આલેખ. નીચેનાં દષ્ટાંતો એની પ્રતીતિ કરાવે છે :

‘જયંતિભાઈ [દલાલ] સરલ ઉદાર હૃદયના સજ્જન હતા. સરલ એટલે બાળક જેવા સરલ અને તોય સંકુલતા સહિતના સરલ. સરલ થવું એ સરલ નથી. આથી જ જયંતિભાઈમાં સાહસ હતું પણ તે નિઃસ્વાર્થ સાહસ. નિર્દોષ સાહસ. અભયનું સાહસ. જે ભયો-આક્રમકતા, ક્રૂરતા, દ્વેષ, વેર, હિંસા આદિ – સર્જે છે એની પ્રત્યે પણ એમનામાં અભય હતું, અભયનું સાહસ હતું. એથી એ એક વીર્યવંત વીરપુરુષનું જીવન જીવી ગયા. પ્રતીતિનું જીવન જીવી ગયા. જીવવું તો પોતાની શરતે જીવવું. કોઈનીયે શેહશરમ વિના જીવવું. નિઃસંકોચ, નિશ્ચલ, નિર્ભય જીવવું. મરદાનગીથી જીવવું. મુક્ત જીવવું, મૃત્યુમાં જીવવું, મરજીવવું.’ (પૃ૦ ૪૯)

દલાલની આ વ્યક્તિગત વિલક્ષણતાઓ એની સિદ્ધિ ઠરે છે એ જુદી વાત. દલાલ પ્રત્યેના લેખકના આદરમિશ્રિત પ્રેમને લઈને અહીં જાણે એક શ્વાસે, વણથંભી શૈલીમાં લેખક ઉદ્‌ગારી ઊઠ્યા છે દલાલની વ્યક્તિમત્તાની ખાસિયતો.

તો આ છે ભાયાણીસાહેબની ખાસિયત :

‘જનારને આદર આપવો, જે છે એનો અનાદર ન થાય એ જોવું અને આંગણે લીલા કરતા શિશુલોકને વચ્ચે વચ્ચે પ્રેમથી જોઈ લઈને પોથીપંડિતો સાથે કામ પાડવું એ એમનો સ્વભાવ છે.’ (પૃ૦ ૧૩૨)

અનેક સ્થાને ગદ્યનો લય ચરિત્રની ખૂબીઓની અભિવ્યક્તિ સાથે સંયોજાઈને શૈલીની મૌલિકતા સિદ્ધ કરે છે : ‘નગીનભાઈ સમજ્યા વિના એક શબ્દ પણ પાડે નહીં તેમ રાવળસાહેબ વાંચ્યા વિના બોલે નહીં. અતિશયોક્તિ કરે નહીં, અલંકારો વાપરે નહીં. કૃતિ વિશે કદાપિ વ્યંગ કરે નહીં. ક્યારેક તો એક જ વાક્યમાં આખી વાત કહી દે. એમનું એક વાક્ય એક ફકરાનું પણ હોય. તેથી એ ફકરામાં એકવાક્યતાનો ગુણ તો હોય જ. એમાં વિશેષણો જ નહિ, ક્રિયાવિશેષણો પણ હોય તેથી ફકરો વજનદાર હોય. એમાં રહેલા રાવળસાહેબના સહૃદયધર્મને કોઈ વિધર્મી એક ફૂંકે ઉડાડી દે એ વાતમાં માલ નહિ.’ (પૃ૦ ૧૬૭)

ભાષાનું પોત ને અલંકારો જે તે વ્યક્તિત્વો સાથે કેવાં તો વણાઈને આવે છે!

‘એમના વિનાના અમદાવાદના એ વિસ્તારમાં પગ મૂકવો એટલે વાતશૂન્ય અવકાશમાં શ્વાસ લેવા પ્રયત્ન કરવો.’ (પૃ૦ ૫૬) આમ કહીને થયેલા જયંતિ દલાલના વ્યક્તિત્વનો અનન્ય મહિમા સહૃદયના ચિત્તમાં કસક પેદા કરે છે.

વાતચીતની શૈલીમાં, કલમના એક લસરકે દલાલને કોનું ઉપમેય બનાવી દીધા એ તો જુઓ! : ‘એ અમદાવાદના જાણકાર હતા, ચાહક હતા, એથેન્સમાં જેમ સોક્રેટિસ હતા.’ (પૃ૦ ૪૧)

તો ક્યાંક આલેખાતાં ચરિત્રની લગોલગ લેખકની લાક્ષણિકતા પણ છતી થઈ જાય છે :

‘એક દિવસ હું શહેરમાંથી આવું. બસમાં નિરંજન ચડ્યા. મેં ઊભા થઈને મારી બેઠક એમના માટે ખાલી કરી. એમણે ના પાડી. હું એમને આગ્રહ કરું ને એ મને સમજાવે. કોઈ પાછું ન પડ્યું. હું પણ ઊભો જ રહ્યો. મારી જગાએ કોઈક બીજું બેસી ગયું. નિરંજન અને અમદાવાદનો એક સાથે પરિચય થયો.’ (પૃ૦ ૭૧)

અહીં રઘુવીરની માર્મિક શૈલી એના નર્મને લઈને અણિયાળી ન બનવા છતાં ચોટદાર સિદ્ધ થાય છે. અહીં વ્યક્તિત્વોના આલેખમાં નર્મ-મર્મ જરૂર છે પણ વ્યંગ ભાગ્યે જ આલેખાયો છે. ને જ્યાં આલેખાયો છે ત્યાં પણ આખરે તો નર્મમાં રૂપાંતરિત થઈ શક્યો છે. સુરેશ જોષીના ચરિત્રમાં આવાં ઘણાં સ્થાનો જડે. એકાદું ચાખતાં સાંપ્રત કાલસંદર્ભમાં એને માણીયે શકાય : ‘ટીકા એમનો સ્થાયી ભાવ હતો અને જ્યાં એ નાયક હોય ત્યાં વિરોધ નામનો રસ સર્જાતો’... ‘એ જ્યાં હોય ત્યાં નાયકથી સહેજ પણ ઊતરતા સ્થાને હોય નહીં. રહી શકે નહિ. ગમે તે ક્ષણે બધાં સૂત્રો એમના હાથમાં આવી જાય. એ કોઈ પણ લેખક પર કટાક્ષ કરી શકે અને એ પણ જનોઇવાઢ! આ કામ એવું લીલયા થયું હો ય કે અહિંસક લાગે.’ (પૃ૦ ૨૦૭–૨૦૮)

આ સૌ ચરિત્રો સાથે લેખકનો કેવો તો અંગત નાતો છે એનો પરિચય પણ અવારનવાર સાંપડે છે. રસિકલાલ પરીખના અવસાનની વેળાએ લેખકની વેદના અધિકારના ભાવમાં આ રીતે પરિણમે છે :

‘પહેલી નવેમ્બર ૧૯૮૨ની સવારે એમણે વિદાય લીધી. જ્યોતિષની દૃષ્ટિએ દિવસ ચોખ્ખો હતો. શરદપૂનમ હતી. એમની પૌત્રી ઈશિતા ગરબો કરવાની હતી. ચંદ્ર સોળે કળાએ ખીલવાનો હતો. આટલો ભાગ જરા બાકી રહી ગયો. એમની રસિકતા એવી હતી કે એ માટે પણ એમણે ફરી અવતરવું જોઈએ, મુક્તિનો હક જતો કરીને પણ.’ (પૃ૦ ૧૫૩)

ડૉ૦ પ્રબોધ પંડિત, હરિવલ્લભ ભાયાણી, નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ, રાવજી, વગેરેનાં ચરિત્રો વિરલ અભ્યાસલેખો તરીકે જોવા જેવાં છે. બચુભાઈ રાવત વિશેનો લેખ વિશિષ્ટ શૈલીમાં લખાયો છે. સમગ્ર કૃતિમાં જયંતિ દલાલ ને મડિયાવિષયક ચરિત્રો શ્રેષ્ઠતમ્ કહેવાનું મન થાય એવાં છે. અહીં એકેય નારીચરિત્ર મુકાયું નથી જેની ખોટ ‘તિલક કરે રઘુવીર’માં અલબત્ત પુરાઈ છે.

મડિયા વિશેના ચરિત્રલેખમાં ઉમાશંકરનું અવતરણ ટાંકતાં રઘુવીર નોંધે છે તેમ, ’લેખક ઉમાશંકર હોય તોપણ વિષય તરીકે મડિયા જોઈએ.’ – આ વિધાન આ સંગ્રહનાં તમામ ચરિત્રોના સંદર્ભમાં રઘુવીરને લાગુ પાડી શકાય તેવું છે. આ ચરિત્રોને આ રીતે રઘુવીર જ જોઈ-આલેખી શકે. વડેરા વિદ્વાન સમકાલીનોને એમના જ સમયમાં રહીને, એમની પ્રતિભાથી બિલકુલ અંજાયા-ઓઝપાયા વિના એમના પ્રકાશને પોતાની દૃષ્ટિમાં ઝીલીને એમને સૌ માટે આ રીતે વેરવાનું – વહેંચવાનું વિરલ કર્મ આચરીને લેખકે આખરે તો પોતાની ક્ષમતા જ સિદ્ધ કરી છે.

'સહરા માત્ર ભૂગોળમાં જ નહીં. દરેક માનવીને હૈયે છે.' તેમ જ 'માણસોનાં હૈયારણોમાં સહરાની ભવ્યતા જોવા મળતી નથી.' એવા ઉમાશંકરના વિધાનના સંદર્ભમાં પૂરક અભિપ્રાય તરીકે લેખક નોંધે છે તેમ, એ ભવ્યતા એમને દલાલમાં દેખાયેલી. લેખકને વર્તાયું છે તેમ 'મને એમ છે કે સર્જકનું સંવેદન જગતના ઉધાર પાસાને વધુ ત્વરાથી ઝીલે છે. પલાયનવાદીઓ, સીનિકો, નખશિખ નાસ્તિકોને શોધવા જનારે પહેલાં કલાકારોની દુનિયામાં ડોકિયું કરવું. સમૃદ્ધિ નકારાત્મક પણ હોઈ શકે, ફકીરોમાં હોય છે તેવી. જેનો ખાલીપો વિશાળ હશે એણે આખા આકાશને ધાર્યું હશે. જ્યાં વિશ્વ સમગ્રની છાયા-છબિ ઝિલાય એ સહરાને હું ભવ્ય કહું છું.' (પ્રસ્તાવના)

અહીં 'સહરાની ભવ્યતા' સર્જકની અંજલિમાં પૂરેપૂરી ઝિલાઈ છે. અહીં આલેખાયેલાં ચરિત્રનું બિંબ લેખકના હૃદયસરમાં જે રીતે પ્રતિબિંબાયું છે તે આ કૃતિને વિરલ ચરિત્ર કૃતિ સિદ્ધ કરે છે.

*(તા. ૧૫–૧૬ માર્ચ, ૨૦૧૭ના રોજ સર્જક રઘુવીર ચૌધરી વિશેના પરિસંવાદમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ મુકામે અપાયેલું વક્તવ્ય.)*

*[બુદ્ધિપ્રકાશ, નવેમ્બર, ૨૦૧૭]*



*By Amrita Sher-Gil, Ancient storyteller painting*

હાસ્ય નિબંધ

# એક અફસોસજનક પ્રવાસ

## // કલ્પના દેસાઈ

આ પ્રવાસમાં સામાન બાબતે અમારે, એટલે કે મારે અને મિત્ર પલ્લવીબહેને બહુ ચિંતા કરવા જેવી નહોતી. ગરમ કપડાં લેવાનાં નહોતાં અને નાસ્તો પણ ટૂરવાળા જ આપવાના હતા, એટલે પહેલી વાર જ કદાચ એવું બનતું હતું કે સ્ત્રીઓની  જાતજાતના નાસ્તા લેવાની આદત પર અમે ચોકડી મૂકી હતી! બાકી તો દિવસો પહેલેથી નાસ્તા વિશે વિચારવાની, એની અંદરઅંદર ચર્ચા કરવાની ને એની ખાસ એક થેલી હેન્ડબેગમાં લેવાની, એ થેલી જીવની જેમ સાચવવાની ને જરૂર પડે તો નાસ્તો વહેંચીને ખાવાની કેટલી મજા આવત! પાછું ફોન પર એકબીજાને કહેવાની મજા પણ ન મળી, કે 'તમે મેથીનાં મૂઠિયાં લેજો ને સાથે લસણની ચટણી તમારી બહુ મસ્ત હોય છે.' અથવા 'થોડી ગોળપાપડી રાખી મૂકવાની, ભૂખ લાગે તો ચાલે.'

હા, વરસાદનું કંઈ ઠેકાણું નહીં એટલે યાદ રાખીને છત્રી અમે સાથે રાખી હતી ખરી. ઘેરથી જ મોટી બેગ અને હેન્ડબેગમાં રાખવાનો સામાન  જુદો જ મૂક્યો હતો, એથી ઍરપૉર્ટ પર કોઈ માથાકૂટ ના થાય. બીજું તો કંઈ નહીં, પણ હવે સલામતીનાં કારણોસર નાની નાની વસ્તુ માટે એ લોકો પંચાત બહુ કરે. નાસ્તા કે અથાણાં જોઈને એમનાં મોંમાં પાણી આવતું હશે, તેનો બદલો આપણને હેરાન કરીને વાળે. એટલે ભૂલમાંય કંઈ મળ્યું તો બધાના સમયની બરબાદી થાય અને નકામો માથાનો દુખાવો ઊભો થાય. ઘરની વિદાય લેતાં પહેલાં, મેં છેલ્લી છેલ્લી નજર સામાન પર ફેરવતી વખતે બધું ફરી એક વાર યાદ કરી લીધું, 'કંઈ રહી તો નથી જતુંને?' ત્યાં જ મારી નજર સામે બેઠેલા પતિ મહાશય પર પડી ને મેં માથું ઝાટકી  નજર ફેરવી લીધી. છેલ્લે છેલ્લે સોય-દોરો ને કાતરના નાના પેકેટ પર મારું ધ્યાન ગયું. ઓહ! લઈ લેવા દે. ગમે ત્યારે જરૂર પડે, શી ખબર? ને મેં ખુશ થઈને તરત જ એ પેકેટ પર્સમાં સરકાવી દીધું.

પરદેશ ન જવાનાં કારણસર અમને દીકરા-વહુએ પણ ખાસ કોઈ સવાલો કર્યા નહીં. 'પાસપોર્ટ ને ટિકિટ બરાબર છે ને? કે ફલાણી બેગમાં આ સામાન ને હેન્ડબેગમાં પેલો સામાન મૂક્યો છેને? બેગનું વજન બહુ નથીને?' વગેરે સવાલોથી એ બધાં જ દૂર હતાં તેની શાંતિ હતી.

જાણતાં હતાં કે, પપ્પાએ દસ વાર બધું પૂછ્યું જ હશે. એટલે મમ્મીને શાંતિથી જવા દઈએ. ઍરપૉર્ટ પર ખાસ ભીડ નહોતી. અમારાં સાથી-સંગાથીઓ બધાં પોતાની મેળે સમય સાચવતાં આવી રહ્યાં હતાં. અમે બંને મુખ્ય દરવાજે ટિકિટ બતાવી અંદર દાખલ થયાં.

એક વાર ટિકિટ ચેક થઈ જાય, સામાન ચેક થઈ જાય, પછી નિરાંતે બેસીએ એમ સૌ કોઈ વિચારતું હોય એટલે દરેક કાઉન્ટર પર લાગેલી લાઇનમાં અમે ઊભાં રહ્યાં. એમ તો, હવે તમારી ટિકિટની ને સમાનની વિગત તમે જણાવો તો ઓનલાઇન પણ બધું ચેક થઈ જાય ને લાઇનમાં પણ બહુ ખોટી ન થવું પડે એવી સગવડ થઈ છે, પણ અમારે તો બધા અનુભવો લેવાના હોયને? એટલે લાઇનમાં ઊભાં રહ્યાં ને બેગનું વજન કરાવ્યું. મોટી બેગનું વજન તો હોવું જોઈએ તેના કરતાં પણ ઓછું હતું! ત્યાં અમારાં કોણ સગાં હતાં કે જેના માટે અમારે પાપડ-અથાણાં કે ખાખરાનાં પેકેટ્સ લઈ જવાં પડે? એ તો આવતી વખતના વધારાના સામાન, ખાસ તો મસાલા અને સાડી માટે મોટી બેગ લીધેલી! બેગને સ્ટિકર લગાડી એ લોકોએ પોતાના કબજામાં લઈ લીધી. જ્યાંથી બેગ સીધી પ્લેનમાં પહોંચી જવાની હતી. હાશ! ટ્રેનની જેમ અમારે બેગ ક્યાં મૂકવી કે કેમ સાચવવી કે કોઈ એને ખોલતું તો નથી ને તેની સતત બીકમાં નહીં બેસવું પડે. આરામથી હેન્ડબેગ લઈને બેસી જવાનું. અમે બંને ત્યાંથી આગળ વધ્યાં સિક્યોરિટી ચેકિંગ તરફ.

આ એક વિધિ ઘણાને નથી ગમતી. શું આપણે ચોર છીએ? શું આપણે દેશદ્રોહી છીએ? શું આપણે આતંકવાદી છીએ? ને તમે બહુ મોટા શાહુકાર છો એમ? યાત્રીઓમાં તો અમુક લોકોને બાદ કરતાં મોટા ભાગના લોકોના ચહેરા પર નિર્દોષ સ્મિત હોય, દેખાવ પણ સજ્જનને છાજે તેવો હોય અને કપડાં પણ સુઘડ અને વ્યવસ્થિત હોય. મોટા ભાગે તો મોંઘાં પણ હોય! છતાંય, દરેકને જ્યારે અહીં એક જ લાકડીએ હાંકવામાં આવે ત્યારે લગભગ બધાનાં મોં પર નારાજગી જ જોવા મળે. આતંકવાદીઓની ગેરહાજરીમાં પણ ડરનું સામ્રાજ્ય જ્યાં ને ત્યાં નજરે પડે. વારંવાર જનારા તો કંટાળે પણ ખરા.

પર્સ, મોબાઇલ ને હેન્ડબેગને સ્કેનર નીચેથી પસાર કરવા મૂકી, અમને એક કેબિનમાં લઈ જવાયાં. અમારા શરીર પર કોઈ બૉમ્બ નથી બાંધ્યો કે પછી અમારાં વસ્ત્રોમાં કોઈ હથિયાર કે સોનાની લગડીઓ તો નથી ને, તે ચેક કરવા એક લેડી કોન્સ્ટેબલને ત્યાં હાજર રાખેલી. ફિલ્મોમાં તો માથાની વિગમાં ને બૂટના તળિયામાં હીરાનાં પેકેટ્સ સંતાડેલા જોયેલાં. ચોરી કરવાવાળા તો ભલભલી ચાલાકી કરીને સોનું ને હીરા ને ડ્રગ્સ પણ લાવે પણ તેથી કંઈ આપણે? કસરત કરતા હોય તેમ આપણે બંને હાથ બે બાજુએ લંબાવવાના અને પેલી પોલીસમિત્ર માથાથી પગ સુધી એક કાળી લાકડી આપણી આગળપાછળ ફેરવી દે! એ કોઈ કાળો જાદુ કરે કે પછી આપણી નજર ઉતારે તે એ જ જાણે. આવા સમયે કંઈ જ બીવા જેવું ન હોય તોય કોણ જાણે કેમ એક જાતનો ડર મનમાં ઘર કરી જાય ને પેલી હસીને 'જાઓ' કહે ત્યારે જ હાશ થાય! પલ્લવીબહેન તો હેમખેમ નીકળી ગયાં ને સાથે

એમની હેન્ડબેગ પણ. ચાલો, અમારા બેમાંથી એક જણ તો સહીસલામત નીકળી ગયું. થોડે દૂર એ મારી રાહ જોતાં ઊભાં રહ્યાં. મને પેલી કોન્સ્ટેબલે જવા દીધી કે હું પણ ખુશ થતી બહાર નીકળી. જોયુંને? મારા તો મોં પરથી જ લાગે કે... જવા દો. હું આગળ વધી મારી પર્સ વગેરે લેવા જાઉં ત્યાં મને ઑફિસરે એક બાજુ બોલાવી. 'મેડમ આ પર્સ તમારું છે?' મેં હા કહી. 'પર્સ ખોલો.'

ખલાસ! વગર કોઈ ગુનાએ પણ મારા ચહેરાના હાવભાવ બદલાઈ ગયા. અરે બાપ રે! મેં તો દસ બાર વાર બેગ-પર્સ ચેક કરેલું ને એવું કંઈ લીધું પણ નથી ત્યારે આને સ્કેનરમાં મારા પર્સમાં શું દેખાયું હશે? મેં મનમાં ને મનમાં બધું યાદ કરવા માંડ્યું પણ ગભરાટને ને યાદશક્તિને બાપેમાર્યાં વેર હોય છે. મેં પર્સ બધાંની સામે ખાલી કરી નાખ્યું. ટિકિટ, પૈસા, રૂમાલ, કાંસકી ને બીજી પરચૂરણ વસ્તુઓને ફેંદી નાખતા ઑફિસરે વિજયી સ્મિત સાથે નાનકડી કાતર ને સોયદોરાનું પેકેટ હાથમાં લઈ મને બતાવ્યું. (હા.. હા... હા... મને હતું જ કે, આ ભોળા ને માસૂમ ચહેરાની પાછળ નક્કી બહુ મોટો ગુનેગાર છુપાયેલો છે.) 'મેડમ, તમને ખબર છે ને કે કોઈ પણ હથિયાર પ્લેનમાં અલાઉડ નથી. પરદેશમાં હોત તો તમને જેલમાં બેસાડી દેત.'


કાતર ને હથિયાર? ને સોય પણ? ફાટેલાં કપડાં સાંધવા કે બટન ટાંકવા સિવાય બહુ બહુ તો સોયનો મેં કોઈ વાર કાંટો કાઢવા (કોઈનો નહીં – મારા પગમાં વાગેલો જ કાઢવા) ઉપયોગ કર્યો છે. બાકી કાતર ને સોય જીવલેણ હથિયાર પણ બની શકે કે કોઈને બિવડાવવા પણ ચાલી શકે એ તો મને આજે જ ખબર પડી! હવે ઘરમાં મારું કામ આસાન બનશે. મારું તો ભેજું ચકરાઈ ગયું. શું પ્લેનમાં હું કોઈને કાતરથી બિવડાવવાની હતી? શું મારી જીભ પર મને ભરોસો નહોતો? કાતરને જોતાં જ, મેં મારા માથે હાથની મુઠ્ઠી જોરથી ઠોકી, દાંત વચ્ચે જોરમાં મારી જીભને દબાવી. 'ઓહ્હો! વેરી સોરી સર. પણ ટૂરમાં જાઉં છું તો ક્યારેક જરૂર પડી જાય તે કહેવાય નહીં એટલે છેક છેલ્લી ઘડીએ જ પર્સમાં કાતર નાખી. બાકી જુઓને, તમને ક્યાંય મારા મોં પરથી એવું લાગે છે કે, હું મચ્છર કે માખીય મારી શકું? મારી છાપ તો બહુ શાંત ને અહિંસકની છે. મને તો કોઈ ઝઘડે તોય આંખમાં પાણી આવી જાય. પૂછી જુઓ પલ્લવીબહેનને. હું કંઈ પહેલી વાર પ્લેનમાં નથી બેસવાની. હું તો અત્યાર સુધીમાં...'

હું મારી સફાઈ વધારે આપું તે પહેલાં જ પેલા ઑફિસરને મારી સાથે માથું દુખવવું પડશે એનો અણસાર આવી ગયો હશે કે કોણ જાણે, પણ મને વોર્નિંગ આપીને કાતર પોતાની પાસે જમા કરીને એણે મને જવા દીધી. હાય હાય! મારી નવીનક્કોર કાતર! આમ જરા અમસ્તી ભૂલમાં કોઈને આપી દેવી પડશે એવું તો સ્વપ્નેય વિચાર્યું નહોતું. એની પાસે તો આવાં ઢગલો કાતર અને ચપ્પાં પડ્યાં હશે, તો મારી કાતર આપવામાં એના બાપા-દાદા-મામા-ફુઆ કે માસાનું શું લૂંટાઈ જવાનું હતું? એ ઑફિસરની બાજુમાં જ બે લેડી ઑફિસર પણ હાજર હતી, તોય એ બંનેમાંથી કોઈને મારી દયા ન આવી. શું સફરમાં કાતરનું મહત્ત્વ એ લોકોને નહીં ખબર હોય? પ્લી...ઝ કોઈ તો મદદ કરો. અચાનક કાતરની જરૂર પડશે તો હું શું કરીશ? કેરાલામાં કે કન્યાકુમારીમાં કાતર લેવા જઈશ? આતંકવાદી તો મને આ લોકો લાગ્યા. નિર્દોષ યાત્રીઓને અમસ્તા હેરાન કરે.

ત્યાં ઊભાં ઊભાં, મેં મારા જેવા બીજા નિર્દોષ ઝડપાયેલા પણ ગુનેગાર હોવાની શક્યતા ધરાવતા પેસેન્જરો તરફ નજર કરી. એ લોકો પણ બને તેટલું દયામણું મોં કરીને પેલા ઑફિસર સામે જોઈ રહેલા. એમની પાસેથી પણ કાતર નીકળી? ના રે, કોઈની પાસેથી ફ્રૂટ કાપવાની નાનકડી છરી મળી – જે બહુ કામ આવે છે. કોઈની પાસેથી હેર ઓઈલ નીકળ્યું – માથું દુઃખે કે તેલ નાખવાની આદત હોય તો ચાલે. કોઈ પાસે લાઇટર હતું તો કોઈ પાસે નેઇલકટર હતું. શું આ બધી વસ્તુ વગર ચાલી શકે? ને ક્યારેય આ બધું જોઈને આપણને હિંસક વિચારો આવે છે? બસ, અમસ્તું ચેકિંગના બહાના હેઠળ લોકોને ગભરાવવાના.

નિરાશ થઈને, હોંશે હોંશે લીધેલી નવી પર્સમાં જેમતેમ બધી વસ્તુ નાખીને પલ્લવીબહેન સાથે હું એક બાજુ જઈ બેઠી. થોડી વાર નવી કાતર ગુમાવવાનો અફસોસ કરી મેં વાતને જેમતેમ હસવામાં ઉડાડી. પલ્લવીબહેન પણ પેલા ઓફિસરને બબડીને મને થોડો દિલાસો આપ્યો. ચાલો, એમ સમજીએ કે, કાતરદાનથી ટૂરની શરૂઆત થઈ. હવે પ્રવાસ સુખરૂપ થવાનો.

*[નવનીત-સમર્પણ, નવેમ્બર, ૨૦૧૭]*



*By Amrita Sher-Gil, Village Scene, 1938*

કાવ્ય

# ઊડવું ગમે
## જ્યોત્સ્ના શુક્લ(૧૮૯૨–૧૯૭૬)

ઊડવું ગમે, મને ઊડવું ગમે,
પૃથ્વીના વાસ મને ઊણા પડે.
ઊડી ઊડી ઊંચે જાઉં,
આભલાની સાથ વસું,
સૂરજ ને ચંદ્ર સાથ ખેલું હસું;
મને ઊડવું ગમે, મને ઊડવું ગમે.

પૃથ્વીના મહેલ છોડું,
માનવીનો સાથ છોડું,
પંખીની જેમ ઊંચે ઊંચે ઊડું;
મને ઊડવું ગમે, મને ઊડવું ગમે.
ભીંત નહીં, દ્વાર નહીં, પવન પાંખે વિચરું,
વ્યોમમાં અનંત એમ ઘૂમતી ફરું,
મને ઊડવું ગમે, મને ઊડવું ગમે :
પૃથ્વીને વાસ, શુષ્ક માનવીના સાથમાં,
હૈયાના ભાવ મારા દાઝી ઊઠે;
મને ઊડવું ગમે, મને ઊડવું ગમે :
પૃથ્વીના વાસ મને ઊણા પડે.

*'આકાશનાં ફૂલ' (૧૯૪૧)*

*[ વી ]*

ચરિત્ર લેખ

# સૌ૦ સુમતિ
# // વિદ્યાગૌરી નીલકંઠ (૧૮૭૬–૧૯૫૮)

ગુજરાતી સાહિત્યમાં જૂના વખતથી સ્ત્રીઓ પોતાનો ફાળો આપતી આવી છે. તે જમાનામાં બધું લખાણ પદ્યમાં થતું; તે મુજબ સ્ત્રીઓનાં લખાણો પણ પદ્યસ્વરૂપે લખાયેલાં હતાં. કવિ નર્મદે ગુજરાતી સાહિત્યને ગદ્યસ્વરૂપે આગળ વધાર્યું તે પછી ગદ્યપદ્ય લખાણો જોવામાં આવે છે. ગુજરાતનાં જૂનાં સ્ત્રીકવિઓ વિશે મેં એક લેખ ઘણાં વર્ષો પૂર્વે સાહિત્ય-પરિષદ માટે લખ્યો હતો, તેમાં યથાશક્તિ એ લેખિકાઓના ગુણ-દોષનું વર્ણન કરેલું છે.

નવા જમાનામાં સ્ત્રીઓએ લખવાનું શરૂ કર્યું ત્યારે નિબંધો, નાની વાતો અને કાવ્યો છૂટાંછવાયાં તેમને હાથે લખાયેલાં જોવામાં આવે છે. ઓગણીસમા સૈકાના અંતભાગમાં સ્ત્રીઓ માટેનું ખાસ માસિક ‘સુંદરીસુબોધ’ કેટલાંક વર્ષો સુધી સ્ત્રીઉપયોગી સાહિત્ય પ્રગટ કરતું ત્યારે સ્ત્રીઓ તરફથી લખાયેલા સાહિત્યનો ફાલ કાંઈક વિશેષ પ્રમાણમાં વિકાસ પામેલો નજરે પડતો. ત્યાર બાદ સ્ત્રીઓ માટેનાં માસિકો કેટલાંક ચાલુ છે, પરંતુ લખનારી સ્ત્રીઓ મોટા પ્રમાણમાં જણાતી નથી. ચાલુ જમાનામાં સંખ્યાબંધ સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ લે છે, છતાં તેમની લેખનકૃતિઓ એટલા પ્રમાણમાં વિસ્તાર પામેલી દેખાતી નથી : અલબત્ત, કેટલાંક પ્રતિભાશાળી બહેનોએ ગુજરાતી સાહિત્યમાં જે ઉચ્ચ પ્રકારનો ફાળો આપ્યો છે તેમનાં નામો આંગળીને વેઢે ગણાય તેટલાં જ છે. આ નામાવલિમાં ભાવનગરના સુપ્રસિદ્ધ શહેરી, પાછળથી મુંબઈમાં આવીને વસેલા સર લલ્લુભાઈ શામળદાસની પ્રતિભાશાળી પુત્રી સૌ૦ સુમતિ અગ્રસ્થાને આવે છે.

આ બહેનનો જન્મ અમદાવાદમાં સને ૧૮૯૦માં થયો હતો. ગુર્જર સાહિત્યની વાડીના કેટલાક અણમોલ માળીઓ જે કુટુંબે આપ્યા છે તે સ્વ૦ રા૦ બ૦ ભોળાનાથ સારાભાઈની પૌત્રી સૌ૦ સત્યવતી તે એમનાં માતા થાય. આમ એમના લોહીમાં જન્મથી જ સાહિત્યના સંસ્કાર પ્રાપ્ત થયેલા. સૌ૦ સુમતિ સને ૧૯૧૧માં ટૂંકું જીવન—ફક્ત વીસ વર્ષનું—ગાળીને અવસાન પામ્યાં. જીવનનાં છેલ્લાં ચાર વર્ષ દરમ્યાન એમણે જે કાંઈ લખ્યું છે તે ખરેખર એમની શક્તિ માટે અજાયબી ઉત્પન્ન

કરે એટલું છે. એમના લખાણમાં કાવ્યો, નાટકો, ટૂંકી નવલકથાઓ અને તેમણે સંસ્કૃતમાંથી કરેલાં ભાષાંતરોનો સમાવેશ થાય છે. આમ સાહિત્યનાં બધાં અંગોમાં એમનો પ્રવેશ હતો.

સૌ૦ સુમતિના પિતાના કુટુંબનું વાતાવરણ પણ સંસ્કારી હોવાથી તેમને નવું નવું વાંચી તેમાંથી જે વિષય તરફ પોતાનું વલણ હોય તે વિષયનું જ્ઞાન મેળવવાની સુભગ તક મળી ને એમની તીવ્ર બુદ્ધિએ એ તક ઝડપી લીધી અને એમના જન્મજન્ય સંસ્કારોનો વિકાસ થઈ તેનો લાભ જનસમાજને તેમણે પ્રગટ કરેલા સાહિત્ય દ્વારા મળ્યો.

આ સંસ્કાર અર્પવામાં સ્વ૦ શ્રી ગોપાળકૃષ્ણ ગોખલે, શ્રી બરજોરજી પાદશાહ, શ્રી અનંતપ્રસાદ વૈષ્ણવ તથા હાલમાં નિવૃત્ત થયેલા ભાવનગરના ન્યાયાધીશ શ્રી ભાસ્કરરાવ વિઠ્ઠલદાસનો મુખ્ય ફાળો હતો.

એમણે લખેલી ટૂંકી નવલકથાઓ, જે આજના જેવી ટૂંકી વાર્તાઓ નહીં પરંતુ નવલકથાઓ જ છે, તેમનાં નામ નીચે મુજબ છે : 'સુરેશ અને યશોધરા', 'શાન્તિદા' 'પરમાર્થની પ્રતિમા તથા આત્મભોગની પરિસીમા' તથા 'કમળકુમાર'. એ પ્રમાણેની ચાર વાર્તાઓનો સંગ્રહ 'કેટલીક નવલકથાઓ' એ નામથી પ્રસિદ્ધ થયેલો છે.

આ સંગ્રહમાંની વાર્તાઓનું મૂળ વસ્તુ બીજેથી લીધેલું, પણ તે માત્ર અનુવાદ  નથી : વસ્તુનું ખોખું માત્ર બહારનું, બાકીનું ઘણું કળાવિધાન લેખિકાનું પોતાનું છે. મૂળ વસ્તુ કોઈમાં કાવ્યસ્વરૂપે હોય તેને કથાનું સ્વરૂપ આપી સંવાદની રચના કરવી, મૂળ વસ્તુ કથામાં હોય તેને નાટકનું સ્વરૂપ આપવું, એમાં પોતાની કલાથી રચવામાં જે ચતુરાઈ દક્ષતા અને રસિકતા જોઈએ તે સર્વ આ લેખિકાની કૃતિઓમાં નજરે પડે છે. એવા બહારના વસ્તુ સિવાય સ્વતઃ કલ્પિત રચનાઓ પણ સૌ૦ સુમતિએ કરેલી છે.

ઉપર જેનો ઉલ્લેખ કર્યો છે તે નવલકથાઓ વાંચતાં સમગ્ર રીતે જે છાપ પડે છે તે એક સ્ત્રીના મનોહર લાલિત્યની કૃતિની છે. સરળતા, મધુરતા અને કોમળતા એ આ વાર્તાઓની શૈલીની વિશિષ્ટતા છે. એ વાર્તાઓ કેવળ નિર્દોષ છતાં નાનાંમોટાં સર્વને પ્રસન્ન કરે તેવી છે. પાત્રોના ચારિત્ર્યમાં લેખિકાએ પોતાનું પુષ્કળ ઉમેર્યું છે. જે ભાવો અને લાગણીઓ એમને પોતાને પ્રિય તે વધારે સચોટતાથી વર્ણવ્યાં છે. આ રીતે લેખિકાનું આત્મપ્રતિબિંબ તેમાં એમને ઓળખનારાં તો વિના પ્રયાસે જોઈ શકે તેમ છે. સૌ૦ સુમતિની પ્રભુપરાયણતા, તેનો શ્રદ્ધામય ભક્તિભાવ જેમણે એમની અન્ય કૃતિઓમાં જોયેલાં હશે તેમને અથવા જેઓ એમને જાતે ઓળખવાનું સુભાગ્ય પ્રાપ્ત કરી શક્યાં હશે તેમને સહજ સમજાશે.

સૌ૦ સુમતિએ લખેલાં અન્ય પુસ્તકોમાં 'શ્રીગુણરત્નકોશ' નામે એક સંસ્કૃત પુસ્તિકાનો અનુવાદ છે, તે પણ આપણે અત્યારે જોઈએ. આ પુસ્તિકા લખવાની પ્રેરણા શ્રીરામાનુજ સંપ્રદાય ગુજરાતી ભક્તકવિ શ્રી અનંતપ્રસાદ વૈષ્ણવની સાથેના એમના સહવાસથી થયેલી. એ પુસ્તિકા સંસ્કૃત સ્તોત્રરૂપે છે. અને તેના મૂળ લેખક દ્રવિડ પ્રાંતના એક જાણીતા રામાનુજસંપ્રદાયી લેખક શ્રીમાન પરાશર ભટાર્ય નામના આચાર્ય હતા. શ્રીરામાનુજાચાર્યના તે એક પ્રિય ધર્મપુત્ર હતા અને નાનપણથી જ પંડિતો સાથે તેઓ વિવાદમાં ઊતરવાની અદ્દ્ભુત શક્તિ ધરાવતા હતા. એમનાં આ સ્તોત્રોનું સરળ ભાષાંતર કાવ્યમાં જ લેખિકાએ કર્યું છે અને તેમાં માત્ર તે ધાર્મિક નહિ પરંતુ નીતિ-રીતિનો અને વ્યાવહારિક બાબતોનો પણ સમાવેશ થાય છે.

સંસ્કૃતના અભ્યાસમાં લેખિકાને એમના કાકાના પુત્ર શ્રી ભાસ્કરરાવ મહેતાએ ખૂબ પ્રોત્સાહન આપીને જાતે જ શિક્ષણ આપેલું.

આ ઉપરાંત લેખિકાએ રચેલાં બે નાટકોનો ઉલ્લેખ આ સ્થળે કરવો ઉચિત છે. એ બે નાટકો 'અરવિન્દકુમાર' અને 'મધુરી' એ નામે પ્રગટ થયેલાં છે. તેમાંનું 'મધુરી' એ સ્વ૦ શ્રી નાનાલાલ કવિના સુપ્રસિદ્ધ નાટક 'જયાજયંત'ના વસ્તુને મળતું છે અને 'અરવિન્દકુમાર'ની રચના અંગ્રેજી વસ્તુના આધારે થયેલી છે. આ નાટકો સંબંધી લેખિકાએ પોતે જ ઉચ્ચારેલા શબ્દો અત્રે ટાંકવા ઉચિત લેખાશે :

'થોડાંઘણાં અંગ્રેજી નાટકો વાંચ્યા પછી અને બેત્રણ અંગ્રેજી નાટકકંપનીનાં નાટકો મુંબઈમાં ભજવાતાં જોયાં પછી આવી જાતનાં નાટક લખવા વિચાર થયો. સામાન્ય બોલવા-ચાલવાની ઢબછબ ફેરવી નાટકી રીતિથી તેમજ મુખ્ય કરી ગાયન દ્વારા જ નાટકોમાં ચાલતી વાતો કર્ણને કંઈક અરુચિકર લાગવાથી સ્વાભાવિક રીતિને પ્રકાશમાં આણવા ઉત્કંઠા વધી અને તેથી જ નાટકને સામાન્ય વાતચીતરૂપ બનાવી માત્ર દરેક પ્રવેશના આરંભમાં અને અંતમાં અકેકો છંદ મૂક્યો છે. ગાનસ્વર કર્ણેન્દ્રિય વિશેષ આકર્ષે છે; તેથી એનાથી પ્રારંભ થતું વાચન વાંચવાની રુચિ એ ગાન રણકારથી હૃદયમાં કરાવે અને અંતમાં પણ એ રણકારથી પ્રવેશની પૂરતી થાય એટલે અન્ય વેળા બીજો પ્રવેશ વાચકનું હૃદય આકર્ષે.'

સૌ૦ સુમતિએ આજથી ચાળીસ વર્ષ પૂર્વે ઉચ્ચારેલો આ મત આજના અવેતન રંગભૂમિના કલાકારોએ મહદંશે સ્વીકાર્યો છે; એ રંગભૂમિના ભાવિ માટે શુભ ચિહ્ન છે.

લેખિકાએ કાવ્યક્ષેત્રમાં પણ ટૂંક સમયમાં ખૂબ જ વિવિધતામય કૃતિઓ દ્વારા પ્રવેશ કર્યો છે. 'પ્રભુપ્રસાદી' એ નામનો એક નાનકડો કાવ્યસંગ્રહ વાંચતાં એમની ઈશ્વરપરાયણાનો વાંચનારને સાક્ષાત્કાર થાય છે. આ કાવ્યો શરૂઆતનાં હોઈ તેમાં અસામાન્યતા નથી . તેમનાં બીજાં કાવ્યોનો સંગ્રહ 'હૃદયઝરણાં' નામે એમના અવસાન બાદ પ્રસિદ્ધ થયો છે અને એની વિસ્તૃત પ્રસ્તાવના સ્વ૦ સાક્ષરશ્રી નરસિંહરાવે લખેલી છે. તે પ્રસ્તાવનામાં આ કાવ્યોનું ઝીણવટભર્યું વિવેચન તથા તેના ગુણ-દોષનું યથોચિત નિરૂપણ કરેલું છે. તેમણે એ કાવ્યોને ચાર વિભાગમાં વહેંચેલાં છે : ભાષાંતરો, અનુકરણો, સંયોજિત કાવ્યો તથા મૌલિક કાવ્યો. અનુકરણો તો લગભગ ભાષાંતરોમાં ભેળવી દેવાય તેવાં જ છે. મૌલિક કાવ્યો કરતાં પણ સંયોજિત કાવ્યોમાં લેખિકાની કળા શ્રેષ્ઠ રીતે ખીલી છે. એ સંયોજિત કાવ્યો તેમજ અન્ય કાવ્યોમાં મુખ યત્વે રૉબર્ટ બ્રાઉનિંગ તથા મિસિસ બ્રાઉનિંગ, વર્ડ્ઝવર્થ, ટેનિસન, શેલી, સાઉધી તથા અન્ય અંગ્રેજ મહાકવિઓની કૃતિઓ ગુજરાતીમાં એનું અસલ માધુર્ય જાળવીને ઉતારવામાં સૌ૦ સુમતિએ સફળતા મેળવી છે.

'રાજકન્યા અને ભરથરી' એ મથાળાની એક વાર્તા 'વસન્ત'માં પ્રગટ થયેલી અને તે રિચર્ડ લે ગૅલિન નામના પાશ્ચાત્ય લેખકની હાર્થર્સ મૅગેઝિનમાં 'ધ સ્ટોલન મિરર' નામની વાર્તાના ભાષાંતર રૂપે હતી, આ વાર્તા ઉપરથી સૌ૦ સુમતિએ 'પ્રભુની પ્રતિમા' એ નામે કાવ્યકથા રચી. આ કાવ્યના સંયોજનમાં લેખિકાએ કેટલાક ફેરફાર કરવાની છૂટ લીધી છે. સાક્ષર શ્રી નરસિંહરાવના શબ્દોમાં કહીએ તો :

'આ ફેરફાર કલાવિધાનનાં તત્ત્વો માગી લે એવા ફેરફાર છે. (લેખિકાએ) સાદો ક્રમ તજી કલાવિધાનને અનુરૂપ ક્રમભંગ કરી તેમાંથી અસાધારણ કલ્પનાયુક્ત બોધ દર્શાવ્યો છે. આ અંશ મૂળ કરતાં નવીન ઉમેરેલા કાવ્યમાં સૌંદર્ય વધારે છે. ત્રીજા આલેખનમાં પણ એક (બીજા પ્રકારનો પણ સુંદર ક્રમભંગ કર્યો છે) અને તે પણ સુરુચિયુક્ત છે. પ્રબળ કલ્પનાબળની આ અપૂર્વ અને નવીન યોજના આ કાવ્યમાં સર્વથા અભિનન્દનીય છે.'

આ સંયોજનો કોઈ પણ સિદ્ધહસ્ત લેખકને જેબ આપે એવાં છે, એ મારા અભિપ્રાયને સ્વ૰ શ્રી નરસિંહરાવનાં ઉપરનાં વચનોથી પુષ્ટિ મળે છે. સ્વ૰ નરસિંહરાવ જેવા દુરારાધ્ય અને સમર્થ વિદ્વાન વિવેચકની પ્રશંસા પામનારની કૃતિઓની ખૂબ સ્વતઃસિદ્ધ છે.

આપણા પ્રાંતના સાહિત્યના દુર્ભાગ્યે સૌ૰ સુમતિનું જીવન ઘણું જ ટૂંકું અને એ ટૂંકા જીવનનાં છેલ્લાં ચાર વર્ષના અરસામાં એમની આખીય સાહિત્યપ્રવૃત્તિ પ્રગટી અને ખીલી. એમનું જીવન લંબાયું હોત તો એમના જ્ઞાનની પરિપક્વતા વધત અને કદાચ વધારે પુસ્તકોની પ્રસાદી પણ મળત.

ગુજરાતી સાહિત્યમાં સૌ૰ સુમતિનું સ્થાન ઊંચું છે એ તો આપણે જોઈ ગયાં, પરંતુ ગુર્જર સ્ત્રી-સાહિત્યમાં તો એથી પણ વિશેષ ઊંચા પદનાં એ અધિકારિણી છે.

સૌ૰ સુમતિએ લખેલાં અનેક કાવ્યોમાંથી જે કાવ્ય કથારૂપે છે તેમાં જુદાજુદા છંદની રચના કરવાથી તે વધુ મનોરમ્ય અને કર્ણપ્રિય બન્યાં છે. આખું કાવ્ય એક જ છંદમાં હોય તો તે કંટાળાભરેલું અને નીરસ થઈ જવાનો સંભવ છે; એટલે આ પ્રકારની રચના સર્વથા ઇષ્ટ છે એમ સૌ કોઈ સ્વીકારશે.

એ લેખિકાએ માત્ર ચાર વર્ષના ગાળામાં અને એના આટલા ટૂંકા જીવનમાં જે સાહિત્યસર્જન આપણને આપ્યું છે, તે ઉપરથી મને એમ લાગે છે કે નિરુપયોગી લાંબી જિંદગી ગાળવી અથવા વીસ વરસના ટૂંકા જીવનમાં આવું અને આટલું લખીને મૃત્યુવશ થવું, એ બેમાં પસંદગી કરવાની હોય તો છેલ્લું જ સર્વ કોઈ પસંદ કરે.

હવે સૌ૰ સુમતિએ લખેલાં કાવ્યોમાંથી થોડાક નમૂના આપી આ વિવરણ સમાપ્ત કરીશું :

**પૃથ્વીપતિ રાજન અને દિવ્ય મેષપાલ બાલક**

(બ્રાઉનિંગના કાવ્યનું ભાષાંતર)

(છંદ : શાર્દૂલવિક્રીડિત)

નિદ્રામાં પ્રભુ દીધું પ્રીત કરીને સ્વપ્નું અતિ દિવ્યને,
દેખે તે પ્રભુને ઊભા સમીપમાં, દૈવી શુચિ દેહ છે;
પ્રેરે કાંઈ પ્રીતે મધુર સ્વરથી, એ તાત એ બાળને
હર્ષે તે સુણતો નીચા વદનથી, જે પ્રેરણા થાય છે.

(હરિગીત)

એ દિવ્ય સુખદા અનુભવે ભંગાણ કોએ પાડિયું,

કો ધીમી ચાલે બાળને જાગૃત કરવા આવિયું;

સ્વપ્નું અપૂર્ણ રહ્યું અને એ બાળ ઝબકીને ઊઠ્યો,

‘એ ભાઈ શાને કાજ મુજને આમ તેં ભડકાવિયો?’

**સંધિપ્રકાશ**

(શાર્દૂલવિક્રીડિત)

સામેથી ઘનયૂથ આવતું દીસે કેવી ત્વરાએ અહા!

ઉત્કણ્ઠા વધી કેમ એ દળ તણી, છે કોની એને સ્પૃહા?

રે! રે! યુદ્ધ થયું કંઈ ઘન મહીં, સર્વે ગયાં વીખરી;

મધ્યેથી નીકળ્યો શશી ઝળકતો ધીમી ગતિ આદરી.

**પ્રભુની પ્રતિમા**

(વસંતતિલકા)

નિર્દોષતા મહીં રહ્યા સઘળા ગુણો જો,

જો શુદ્ધતા થકી બને વળી શત્રુ મિત્રો;

ને જો પ્રભા સજીવ ઉપર આ પડે છે

તો સત્ય જીવ સુધી તે નવ પહોંચશે કે?

‘ફોરમ’ (૧૯૫૫)

*[વી]*

કવિતા

# યશોધરા

## // ચંદ્રિકા પાઠકજી (૧૯૧૦–)

એ સ્નેહનાં સ્મરણ કૈં સઘળાં સર્યાં શું?
છોડી જતાં ચરણ ના અટકી પડ્યાં શું?
ના–ના–ઘટે ન પ્રિયને કદી દોષ દેવો,
જાણું શુચિ હૃદય એ નભ શુભ્ર જેવો.

તારા અનંત ઉરને જગબન્ધનો શાં?
તારાં અખંડ ઉરવ્હેણ રહે શું રોક્યાં?
એ વ્યોમવિસ્તૃતપટે વળી અન્ત શાનો?
નિઃસીમ સ્નેહજળને ક્યમ હોય આરો?

શું દૂર દૂર કંઈ તેજ થકી પડી હું?
જાણ્યો નહીં હૃદયથી કદી સ્નેહને શું?
નિઃસ્વાર્થ સ્નેહ કદી અંતર ના ધર્યો શું?
નિષ્કામ અર્પણ કદીય નહીં કર્યું શું?

અર્પી સુવાસભર કૈં ફૂલપાંદડી એ
સ્નેહીય કાં જીવનમાં પ્રતિસ્નેહ માંગે?
સિદ્ધાર્થ થાય તજીને મુજને સખી એ,
આંસુ કદીય નયને ઘટતાં ન મારે.

ઊડી રહે વિમલ સુન્દર પન્થ તારે,
ઇચ્છું છતાંય ઊડવા નવ પાંખ મારે.
ઊંચા વિહાર પ્રિયના રહું વ્યોમ પેખી,
ને વ્યર્થ મોહ જગના દઉં કૈં વીસારી.

ને – આંસુડાં કદીય નેન થકી પડે તો –
તારા નવીન પથમાં કદીયે નડે તો –
દેજે ક્ષમા સહજ નિર્બળતા ગણીને,
હાવાં – અટૂલી, અસહાય શી એક – એને.

'રાતરાણી' (૧૯૪૪)

[વી]



*Group of Three Girls, 1935*



*Klarra Szepessy, 1932*



*Hungarian Gypsy Girl, 1932*

વાર્તા

# ઝુરાપો

## // મીનલ દવે

દસ વર્ષે પાછું ભારત જવાનું હતું. છેલ્લે ગયો ત્યારે તો પોતે ચૌદ, ના, કદાચ પંદર વર્ષનો હતો. હજી મૂછનો દોરો પણ ફૂટ્યો ન હતો. દાદાએ મજાક પણ કરેલી, ‘‘ઊંચો તો તારા બાપ જેટલો થઈ ગયો ને હજી મૂછનો દોરો પણ નથી ફૂટ્યો?’’ મમ્મીએ  અર્થ સમજાવેલો. એને એક્સાઇટમેન્ટ–ગુજરાતીમાં શું કહેવાય? –રોમાંચ થયેલો. આવા સરસ શબ્દો છે મારી ભાષામાં! પછી તો જેટલો સમય ઘેર રહ્યો, તેટલો સમય ગુજરાતીમાં જ બોલવાનો એનો આગ્રહ રહ્યો. પાણિયારું, પનિહારી, સિંચણિયું, ધોરિયો, ગોરમટી, વગેરે શબ્દો તો એને એટલા ગમી ગયેલા કે વારંવાર વાપરતો.

દાદાનું ઘર સાવ નાના ગામમાં, માંડ દસ-બાર ઘરનું ગામ. આગળ પેઢીઓ-પુરાણા લીમડાની હાર પછી લાકડાની થાંભલીઓને ટેકે ઊભેલાં પતરાંવાળી પરસાળ, પરસાળમાં પાંચ-સાત ગોખલાઓ. દાદી કહેતી, જ્યારે વીજળી નહોતી, ત્યારે સાંજે અહીં દીવા થતા. કેવું સરસ લાગતું હશે? બધે અંધારું હોય અને પાંચ-સાત દીવા ઝગમગતા હોય! પરસાળમાં એક હીંચકો બાંધેલો, લીમડા નીચે એક ખાટલો ઢાળેલો જ હોય. દાદી હીંચકે ઝૂલ્યા કરતી, દાદા ખાટલે  તકિયે અઢેલીને બેઠા હોય, બીડી પણ ફૂંકતા હોય, ધુમાડાની સેર ઊડતી હોય, દાદી કશી વાત કરતી હોય, તેમાં હાએ હા કરતા હોય. લીમડા નીચે બાંધેલી ભેંસ બેઠી બેઠી પૂંછડેથી માખો ઉડાડતી હોય, એકાદો બગલો એના શરીર પર ફરતો હોય. ભેંસને લીધે જુઆ પુષ્કળ રહેતા. પોતાને રોજ એકાદ તો કરડે જ. પછી લાલ લાલ ઢીમચાં થઈ જાય. દાદી દીવેલ લગાડતી જાય અને ભેંસ ને ગમાણ કાઢી નાખવાની ધમકી આપતી જાય! એક વાર પોતે ભેંસની પાડી છોડી મૂકેલી ને જે દોડાદોડી થઈ હતી! દાદીએ વહાલની ટપલી મારેલી, ‘અસલ એના બાપ પર જ ગયો છે, અટકચાળો!’

પરસાળમાંથી અંદર જઈએ એટલે આવે આગલો ઓરડો. ચારે તરફ કાચનાં કબાટો – અસલના વારાનાં કાચનાં વાસણો ને રમકડાંથી ભરેલાં. ખૂણામાં લોખંડનું કબાટ, જેનો આયનો સાવ ઝાંખો થઈ ગયેલો પણ દાદા-દાદી તેમાં જોઈને જ માથું ઓળે. બાજુમાં ભાગ્યે જ ખૂલતો બીજો એક ઓરડો. નાના કાકા કહેતા કે એમાં ભૂત રહે છે. પોતે એ વાતને ખરી જ માની લીધેલી, એક પણ વખત એ ઓરડામાં ગયો જ નહીં. પણ આ વખતે તો જવું જ છે. પાસે જ ઉપરના ઓરડામાં જવાનો દાદર.

આગલા ઓરડામાંથી જ વચલા ઓરડામાં જવાય. ત્યાં એક તરફ ભગવાનનું સિંહાસન હતું. કાળું, સીસમનું કોતરણીવાળું, ઝૂલતા રેશમી પડદાવાળું, સવારે પૂજા સમયે પડદા ખૂલે, સાંજે આરતી સમયે બંધ થઈ જાય. બાજુમાં જ તાકું હતું. તાકું એટલે? બારણાં વિનાનું કબાટ. તેમાં દાદા-દાદીનાં કપડાં રહેતાં. સતત તમાકુની વાસ ત્યાંથી આવ્યા કરે. દાદાનાં બીડીનાં પડીકાં પણ ત્યાં જ પડ્યાં રહેતાં. સામેની ભીંતે લાકડાનાં મોટાં મોટાં કબાટ હતાં જેમાં વાસણો, ગાદલાં, ખેતીનાં ઓજારો, દવાના મોટા મોટા બાટલાઓ પડ્યાં હોય. ઉપરની અભરાઈ પર તપેલાં ને પવાલીઓ ગોઠવાય. વચલો ઓરડો દિવસે પણ અંધારિયો લાગે પણ કોઈ બત્તી કરે કે ચકચકતાં વાસણો પરથી ફેંકાતા અજવાળાથી ઓરડો ઝગમગી ઊઠે.

વચલા ઓરડાની બહાર નીકળીએ કે આવે મોટો ઓટલો. જેની જમણી તરફ રસોડું હતું. સામે નહાવાની ઓરડી. રસોડામાં અથાણાંની મોટીમસ બરણીઓ, મસાલા ને કઠોળના ડબ્બાઓ, મઠિયાં, પાપડ, પાપડી ભરેલી કોઠીઓ, શાકભાજીની ટોપલીઓ, પાકી કેરીના ટોપલાઓ, દૂધનાં બોઘરણાં, દહીં જમાવેલી કાળી ગોળીઓ, દાદીનો આખો સંસાર રસોડામાં જ સમાયેલો હતો. એક ચૂલો પણ હતો, જે ગોબરગેસને કારણે વપરાતો નહીં.

રસોડામાં બારીઓ અને જાળિયાં હોવા છતાં સતત અંધારું લાગ્યા કરતું. રસોડાની ત્રણ બાજુ પોપૈયા, સીતાફળ, લીંબુડી અને મીઠા લીમડાથી ઘેરાયેલી હતી. પાસે જ ગુલાબ, રજનીગંધા, મોગરા ને તુલસીના ક્યારા હતા. રસોડાની નીક પાસે અળવી વાવેલી. બાજુમાં જ લીલી હળદર, આદુ ને લસણ રોપેલાં. ધાણા ને મેથીનાં પાનની લીલાશ તો એવી સુંવાળી લાગે!

નહાવાની ઓરડી બહુ બીકાળવી. એકાદ ગરોળી, વંદો કે ઉંદર તો હોય જ! નાના કાકા બહુ મશ્કરા – ‘ત્યાં તો સાપ રહે છે. રાત્રે રીંછનાં બચ્ચાં સૂવા આવે છે. વીંછી તો સાબુના કટકામાં ચોંટેલો જ હોય.’ એવા ઠાવકે મોઢે વાત કરે કે પોતે નહાવાનું જ માંડી વાળે!

ઓટલા પરથી નીચે ઊતરીએ કે ક્યારાઓ પછી મોટો ચૂલો આવે, જ્યાં રોજ સવારે દેગડીમાં નહાવાનું પાણી ગરમ થાય. મગફળી, ચણા ને મકાઈ પણ ત્યાં જ શેકાય. કાકી મોટા તપેલામાં હાંડવો પણ ત્યાં જ બનાવે! તપેલા ઉપર થાળીમાં સળગતા કોલસા મુકાય ને પોતાની આંખો પહોળી થઈ જાય. ‘તપેલું બળી ન જાય? હાંડવો દાઝી ન જાય?’ કાકી કહે, ‘આ તો અમારું ઓવન છે!’

ચૂલાની પાછળ કૂવાની ઓરડી ને કૂવા પાસે બે માળની ટાંકી. પાસે જ જામફળી, જેનાં પાંદડાં થાળામાં પડ્યાં જ કરે. નીચે કાચબો પડી રહે. ત્યાંથી વાડો શરૂ થઈ જાય. ચીકુડી, નાળિયેરી, આંબળી, સીતાફળી, જામફળી અને અનેક જાતની કેરીઓથી લૂમઝૂમ વાડો તો સદા ય આંખોમાં લહેરાતો રહે છે. રાજાપુરીના ભારથી નમી ગયેલો ખૂણાનો આંબો કે કાળી કેરીવાળો કુંડીયાળો આંબો, વચ્ચેથી ફાટી જવાને કારણે બે ભાગમાં ઊગેલો ફાચરો આંબો કે સહુથી મોટાં ફળવાળો સરદાર આંબો, કયાને યાદ કરે ને કયાને ભૂલે?

રોજ સવારે મમ્મી કે કાકી બધાં છોકરાંઓને સદરા-ચડ્ડીભેર ઓટલા પર બેસાડે, વચ્ચે હોય પાકી કેરી ભરેલો ટોપલો. પહેલાં તો ચાખવા-ચખાડવાની સેશન ચાલે, પછી કેરી ખવાય અને પેટ ભરાય એટલે એક બીજા પર પિચકારીની જેમ રસની સેર છોડવાની રમત શરૂ થાય, પેટ માથું, મોઢું રસથી તરબતર થઈ જાય. કોઈ મોટાનું ધ્યાન જાય એટલે

બધાને ધમકાવીને કૂવે ધકેલે. બંદુકાકા કૂવાનું એન્જિન ચાલુ કરે, પાઇપમાંથી પડતા પાણીના ધોધ નીચે નહાવાનું, રમવાનું, અરે, કાદવમાં આળોટી પણ લેવાનું. દાદાની વિનવણી, ધમકી અને ઊગામેલા હાથની બીકથી બહાર નીકળી, નીતરતે શરીરે જ ઘરમાં જવાનું. પણ કપડાં બદલવા નહાવાની ઓરડીમાં જવું પડે, તે આંખો કાઢતી મમ્મીથી પણ વધારે થથરાવે. જાણે ગરોળી, વંદા ને ઊંદરનાં ટોળાં રાહ જોઈને ઊભાં હશે, એવું થાય કે અંદર જવું જ નથી. પણ જવું તો પડે જ. અર્ધાં કપડાં પહેરી આંખો મીંચીને બહાર દોટ મૂકવાની. પછી મજા જ મજા.

બપોરે ઘરની ઠંડી છોમાં આળોટવાનું. દાદીનો સાલ્લો ભીનો કરીને માથે ઓઢીને સૂઈ જવાનું. વાડામાંથી આવતી પવનની લહેરખી ભીના સાલ્લાની આરપાર મોં-માથાને સ્પર્શે ને એ.સી. પણ ભુલાઈ જાય. સાંજ પડે ને આખી ટોળી ઊપડે દાદાની સાથે ખેતરે. મકાઈ ને લીલી મગફળી ત્યાં જ શેકીને ખાવાની. ઊંડા કૂવામાં ડોકિયું કરવાનું, મોટેથી બૂમો પાડી કબૂતરને ગભરાવવાનાં. એક બીજા પર ગોખરું નાખવાનાં. દાદાની બૂમો તો ચાલુ જ હોય. ‘આ નઇડા પળવાર જપતા નથી.’ ક્યારેક ભાગિયાની ઓરડીએ ચૂલા પર શેકેલો મકાઈનો રોટલો ખાવાનો, કૂવાનું ટાઢુંબોળ પાણી ખોબે ખોબે પીવાનું અને અંધારું થાય ત્યારે મનમાં ડરતાં ડરતાં પાછા વળવાનું.

સૌથી વધારે મજા તો પડે રાત્રે. પરસાળનાં છાપરાં પર હારબંધ પથારીઓ થાય. છોકરાં ઊંઘમાં ગબડી ન પડે માટે પગ તરફ રજાઈના થપ્પા ગોઠવાય. સાત-આઠ-નવ જણની ટોળકી પથારી ખૂંદે, પત્તાં રમે, જોરશોરથી આવડે તેવાં ગીતો ગાય. ગામ આખું તો સાત વાગ્યાથી જંપી ગયું હોય, તે બૂમાબૂમથી સળવળીને બેઠું થાય. કોઈ પથારીમાં પડ્યા પડ્યા દાદાને બૂમો પાડે, વાંદરાંઓને છાપરેથી નીચે ઉતારવાની ને ધોકાવી નાખવાની ધમકી પણ આપે. એમાં ગામનાં કૂતરાં પણ સાથ આપે. બૂમાબૂમ અને ભસાભસ વચ્ચે દાદાનો ડારતો અવાજ સંભળાય ને ત્યારે બધાં છાનાં થાય. સામે ઊભેલા લીમડાનાં પાંદડાં ચંદ્રના પ્રકાશમાં જાત જાતના આકારો રચે. ક્યારેક દરિયાનાં મોજાંનો ઘુઘવાટ એમાં સંભળાય તો ક્યારેક વાદળાંઓની દોડાદોડી. ઉપર તારાઓના ઢગલે ઢગલા જાણે પાંદડાંના હલનચલન સાથે હરીફાઈ કરતા હોય, તેમ સવાર સુધીમાં તો જગ્યા બદલી નાખે. રાત્રે ઊંઘમાં ચોકીદારની લાકડીનો અવાજ સંભળાય ને ચોરની બીકથી ગોદડામાં લપાઈ જવાય પણ એ તો જરીક વાર જ. પછી તો ઊંઘનો સ્વર્ગલોક લઈ જાય સુખની સફરે.

માંડ પંદર-વીસ દિવસો આવા ગાળ્યા હશે, પણ મનમાં તો અમીટ છાપ પાડી ગયેલા. એટલે જ ભારત એટલે દાદાનું ગામ. બધાં ભાઈ-બહેન, કાકા-કાકી, દાદા-દાદી, એવી જ છાપ બંધાયેલી ને આટલાં વર્ષોથી, આ ગામ માટે, સુખના આ પ્રદેશ માટે એ ઝૂરતો હતો. પાણીની તૈયાર બોટલો પીતાં એની જીભે નવા માટલાની માટીવાળી સુગંધનો સ્વાદ ડોકાઈ જતો. ટેબલ પર ગોઠવાયેલાં અનેક જાતનાં સલાડ સામે કાચી કેરી ને મીઠું-મરચું સાંભરતાં ને મોંમાં પાણી છૂટતું. એ હાંડવો ને એ પાપડીનો લોટ ને હીંચકે ઝૂલતાં ગાયેલાં ગીતો એને પરદેશમાં પણ હર્યોભર્યો રાખતાં હતાં. એટલે તો નક્કી કરેલું કે પોતે પરણશે તો ગુજરાતી અને તેમાંય ગામડાની છોકરીને. જેથી આ જમીન સાથેનો એનો સંબંધ જળવાઈ રહે. મમ્મીનું યા-યા કે પપ્પાનું ઓ-કે એને અકળાવતાં. એને તો પેલી ફોરમ જોઈતી હતી, જે દાદા-દાદીની વાણીમાં સંભળાતી. આટલાં વર્ષોનો ઝુરાપો હવે તૂટવાનો હતો.

વિમાન ચાર કલાક મિલાન થોભવાનું હતું. ઍરપોર્ટની બહાર જવાની રજા ન હતી. એણે સામેની ટેકરીઓને જોયા કરી. મન થયું કે વગર રજાએ બહાર જઈને એક વખત એ ટેકરીને અડી આવે, તો? પણ મમ્મીએ ધમકાવી નાખ્યો, ‘ડૉક્ટર બન્યો, પણ તારું ગાંડપણ ન ગયું. જોજે દેશમાં આવું કરતો.’ મમ્મીને કેમ સમજાવે કે ડૉક્ટર બનવા છતાં

મારામાંનો ચૌદ વર્ષનો કિશોર મટ્યો નથી. એ તો આજે પણ પોતાની માટીને, પોતાના ખેતરને, પોતાના ઘર-આંગણે ઊભેલા લીમડાથી ઢોળાતા પવનને ઝંખે છે. વિમાનની ગતિ એને ધીરી લાગે છે. દસ વર્ષનો ગાળો એને દસ ક્ષણમાં જ કાપી નાખવો છે. પણ કોણ કોને સમજાવે પોતાની આ વાત?

કાર હાઇ-વે પરથી ગામ જવાના રસ્તા પર વળી. હાઇ-વેથી બે કિ૦મી૦ અંદર હતું ગામ. પણ રસ્તો વર્ષોથી પાકો હતો. રસ્તાની બંને બાજુ કેસૂડાં પર ફૂલ ખીલેલાં હતાં. પહેલી જ વાર જોયાં. રંગ અને સ્પર્શ બંને બહુ સુંવાળાં હતાં. હજી ઘરને કેટલી વાર છે? કાકા હસતા હતા, ‘અરે, તારે માટે ઘેર સરપ્રાઇઝ તૈયાર છે.’ રસ્તો બદલાયો, ઝાડ અદશ્ય થયાં. અગાશીબંધ ઘરોની હાર શરૂ થઈ. ઘરની સામે સ્કૂટર, ટ્રેક્ટર ને કાર પાર્ક કરેલાં હતાં. અગાશીમાં મુકાયેલાં કૂંડાં બગીચાનો ભ્રમ જન્માવતાં હતાં. આ દસ વર્ષમાં ગામની વસ્તી વધી લાગે છે. કાકાએ એક ઘર પાસે કાર ઊભી રાખી. લોખંડની ગ્રીલથી ચોમેર ઢંકાયેલું એ ઘર કાકાના કોઈ મિત્રનું હશે, એમ માનીને અંદર જ બેસી રહ્યો. ત્યાં તો કાકાએ ખભા પર ધબ્બો માર્યો.

‘આખે રસ્તે ઘર ઘર કરતો હતો ને હવે ઘર આવ્યું ત્યારે ઊતરવું નથી?’

‘આ ઘર! આ આપણું ઘર છે?’

‘હાસ્તો. તને કહ્યું તો હતું કે ઘેર તારે માટે સરપ્રાઇઝ છે. હજી અંદર તો આવ.’

ક્યાં ગયો લીમડો? લીમડા નીચેનો ખાટલો? ભેંસ? એ પગથિયાં ચડ્યો. ડોરબેલની સ્વીચ પર જ ચળકતો ફ્લોરોસેન્ટ લેમ્પ હતો. સનમાઇકાનું બારણું ચકચકતું હતું. આ આગલો ઓરડો હતો? ગાદીવાળા સોફાઓ, મસમોટું ટી.વી., મ્યુઝિક સિસ્ટમ, અને જે બારીમાં બેસીને પોતે દાદા પાસેથી વાર્તા સાંભળતો, ત્યાં લાગેલું એ.સી., આખા ઓરડામાં આરસ પાથરેલો. અંદરના ઓરડામાં કબાટો, કોઠીઓને સ્થાને ડાઇનિંગ ટેબલ, ફ્રીઝ ને સનમાઇકાવાળી કેબિનેટ હતાં. સિંહાસન ક્યાં? ત્યાં પણ આરસનું મંદિર હતું અને પાણિયારું ક્યાં ખોવાઈ ગયું? વૉટર ફિલ્ટરની બાજુમાં જ માઇક્રોવેવ ઓવન હતું.

અને પેલી ગરોળી-ઊંદરવાળી નહવાની ઓરડી બાથરૂમ બની ગયેલી – બાથટબ સાથેની. ઓટલો છેક કૂવા સુધી લંબાઈને ટાઇલ્સવાળો બની ગયેલો. ને કૂવા પાછળ ડોકાતી નારિયેળીને બદલે ભીંત કેમ? ‘હવે એ જમીન આપણી નથી ને! વાડો વેચી દીધો. કોણ માથાકૂટ કરે? વર્ષમાં માંડ બે-ચાર કેરી ખાવાની, એ માટે આખું વર્ષ કોણ લમણાં કૂટે? તું વાડાની વાત છોડ. ઘર કેવું લાગે છે તે કહે. લાગે છે ને તારા અમેરિકા જેવું જ?’

એની જળજળ આંખમાં અમેરિકાની ચાડી ખાતું ઘર ચેરાઈ ગયું.

*(પરબ : સપ્ટેમ્બર, ૨૦૦૧)*

*[અ]*

નિબંધ

# પુષ્પવતી

બકુલા ઘાસવાલા

'પુષ્પવતી' શબ્દ કેટલો બધો કાવ્યાત્મક અને અર્થસભર લાગે છે! અથર્વવેદમાં રજસ્વલા સ્ત્રી માટે પુષ્પવતી શબ્દ પ્રયોજાયેલો છે. કોઈ પણ બાલિકાનું પુષ્પવતી બનવું એના અસ્તિત્વનું પરમ સૌભાગ્ય મનાય છે. અથર્વવેદમાં ઉલ્લેખ છે કે પ્રથમ વાર પુષ્પવતી બનતી બાલિકાને—સ્ત્રીને ફૂલોથી શણગારવી. મેં જ્યારે આ શબ્દ મારા જીવનમાં પ્રગટ થતો અનુભવ્યો ત્યારે જે શારીરિક-માનસિક તકલીફો થઈ, તેની સાથે આહાર-વિહારના અને પુરુષો સાથેના – ખાસ કરીને સરખી વયના છોકરાઓ સાથેના – સંબંધો વિષયક નિષેધોનો તથા ક્યાં કેટલી સાવધાની રાખવી એ અંગે સૂચનાઓનો જે ધોધ વરસ્યો તેથી એવી લાગણી બિલકુલ ન થઈ કે જીવનનું કોઈ સાફલ્યટાણું આવ્યું છે, કે કોઈ આવકારદાયક ઘટના બની છે! પાંચમા દિવસે પૂજાપાની થાળી આપી, પૂર્વ દિશામાં બેસાડીને, સૂર્ય ભગવાનની પૂજા કરવાનું કહી ઓરડાનું બારણું બંધ કરી મા બહાર ગઈ ત્યારે મને સૂર્ય ભગવાન પર કોઈ શ્રદ્ધા જાગી નહીં. અને બંધ ઓરડો એવો લાગ્યો કે જાણે કોઈ અદૃશ્ય પીંજરામાં સમગ્ર પ્રક્રિયાના કારણે હું જકડાઈ ગઈ છું.

... લગ્ન પછી પ્રથમ વાર એ વેળા આવી કે સાસુજીનો આદેશ થયો કે તમારા રૂમમાં ઊનનું ગાદલું પાથરીને સૂઈ જજે. મારા સ્વભાવ પ્રમાણે ઊનના ગાદલા પર મે-જૂનની પ્રખર ગરમીમાં સૂવાની તકલીફ હું તો ન જ લઉં એટલે એમણે જ ગાદલાનો વીંટો મોકલાવી દીધો. મને ખ્યાલ આવી ગયો કે અડચણની સ્થિતિ ભારે અડચણરૂપ બની રહેશે. એટલે ઊનના ગાદલા પર શય્યા સજાવવાનું માંડી વાળી કયા નિયમો કેવી રીતે પાળીશ તે મેં મનોમન નક્કી કરી નાખ્યું. આમ ઊનના ગાદલાની સાથે કેટલાક નિષેધોનો વીંટો વળી ગયો, પરંતુ તેથી તકલીફ વધતી પણ ખરી. કેટલીક વાર ચિત્રવિચિત્ર સ્થિતિમાંથી પણ પસાર થવું પડતું. પાણિયારામાંથી પાણી ન લેવાય કારણ કે પાણિયારે દીવો થાય એટલે પાણી પીવું હોય અને કોઈ હાજર ન હોય તો કોણ આપે? ચાલો ફ્રીજમાંથી પાણી પી લઈએ, ત્યાં થોડો દીવો થાય છે એમ વિચારીને! એટલે સાસુજી ગિન્નાય અને કહે કે અરેરે તમારા આ 'અડકાબોળા'! આવો શબ્દ તો જોકે મેં શ્વસુરગૃહે જ સાંભળેલો.

એ ઘરમાં, એટલે કે પ્રવૃત્તિઓની સતત ભરમાર હોય એવા વિશાળ સંયુક્ત પરિવારમાં કોઈ પ્રસંગે અમારામાંથી કોઈને પણ રજોદર્શન થવાની સંભાવના હોય તો એમ કહેતાં કે જેનામાં સાચા ભક્તિભાવ અને કામની દાનત હોય એનો પ્રસંગ સારી રીતે નીકળી જાય. અને તે સમયનું મારું નિરીક્ષણ અમારા ઘરની એક બે સ્ત્રીઓ માટે એવું જ હતું કે એમના પ્રસંગ સારા જ જાય. ક્યારેક કોઈ વળી એમ પણ કહેતું કે પ્રસંગમાં બાધા ન આવે એટલે બાધા રાખવી. 'જોડ દીવા કરી લેવા સારા!' મારા ભક્તિભાવના પ્રદેશમાં ખાસ કંઈ આશાસ્પદ ચિહ્નો હતાં નહીં, અને રજોદર્શનનો સમય નીકળી જાય અને બાધા રાખવાથી પ્રસંગ પાર પડે એવું હું માનતી નહીં, એટલે એમાં ખાસ વળ્યું નહીં. જરા સઘન તપાસમાં જણાયું કે જેમના પ્રસંગ સારી રીતે પસાર થતા હતા તે ગોળી લેતા હતા. ઘરકામનું ભારણ અને પ્રસંગોમાં મેન્સીસની તકલીફ આવે ત્યારે સાચેસાચ પડતી શારીરિક તકલીફના કારણે એ ઉપાય મને જચ્યો તો ખરો અને મેં બેત્રણ વાર એને અજમાવ્યો પણ ખરો, પરંતુ ત્યાર બાદ વારંવાર આવતા પ્રસંગોએ આ હાથવગો ઉપાય કરવા તરફનું વધતું વલણ મને જ ન જચ્યું. એટલે પછી જેવી સ્થિતિ ઉદ્ભવે તેનો સામનો કરવાનું નક્કી કરી મેં ગોળીઓ પણ ન લીધી અને બાધાઓ પણ! સ્વાભાવિક છે કે ધીમે ધીમે તમારી છાપ બંડખોર તરીકે ઊભી થાય. અત્યારે તો ફક્ત પુષ્પવતીનો જ મુદ્દો લીધો છે, બાકી તો સારી પુત્રવધૂ, સારી માતા, સારી ગૃહિણી બનવાનાં દબાણ તો કંઈ કેટલાંય હોય! સાસુમાના બળાપાને તો પહોંચી શકાતું, ક્યારેક અપમાન પણ ગળી શકાતું, બધી જ વાર સાંગોપાંગ પાર ન ઉતરાય. એવી એક ઘટના વખતે પરિસ્થિતિએ આવી રીતે વળાંક લીધો હતો. અમારાં એક ફોઈજીને ત્યાં શુભ પ્રસંગે, સેવ, વડી, પાપડ વગેરે બનાવવાનો કાર્યક્રમ હતો. ઘરની બેત્રણ સ્ત્રીઓ તો ત્યાં પહોંચી પણ હતી.... એ સમયે અમે બે-ત્રણ સ્ત્રીઓ ઘરે રહી હતી. એક વડીલ પુરુષ કંઈ કામે ઘરે આવ્યા. મને જોઈને વધારે જ ગુસ્સે થઈને પૂછવા લાગ્યા કે અહીં શું કર્યા કરો છો, જાવ ત્યાં કામના તો કોટ છે. પહેલો પ્રતિભાવ તો એ આવ્યો કે આવી ગુસ્સાભરેલી વાણીથી હું ડઘાઈ ગઈ. પછી શો જવાબ આપવો એમ વિચાર્યું તો ક્ષોભ થયો. છેવટે શાંતિથી મેં એમને કહ્યું કે તમારી વાત સાચી છે. ત્યાં કામ તો છે જ, પણ હું તો મેન્સીસમાં છું. એમના પાપડ બગડી જાય તો? અને ખાસ તો એ કે હું તો જાણું જ છું કે એમાં કંઈ પાપડ-અથાણાં ન બગડે, પણ વહેમ એ વડીલ સ્ત્રીઓ પક્ષે છે. તમે જ કહો કે શું કરીએ? આ જવાબથી એ પછી કાંઈ ન બોલ્યા. ઘરમાં વડીલો સાથે વાતચીતને આ સ્તરે લઈ જવાનું મને ક્યારેય ગમતું નહીં. અત્યારે પણ થાય છે કે એ કેવો જંગ હતો કે જેને જંગ ન કહેવાય અને છતાં પ્રસંગ પ્રસંગે વાક્બાણ આવી પડતાં અને એની તીક્ષ્ણ ધારને બુઠ્ઠી કરવા સજ્જ થઈ જવું પડતું.

એક વાર તો વળી વધારે જ હદ થઈ ગઈ. સાસુજીનો રજોનિવૃત્તિ કાળ શરૂ થયેલો. એ અવસ્થા આવે પછી જ કરી શકાય તેવી ઋષિપંચમીની પૂજા એમને કરવાની હતી. નિયારના ચોખાનો દૂધપાક, વગર ખેડેલી જમીન પર ઊગેલા ભીંડાનું શાક, કાકડીનું રાયતું — આ બધી તૈયારી એમણે જાતે જ કરવાની એટલે કે જાતે રાંધવાનું. એમની એકબે બહેનપણી અને અમારી સ્વજન સ્ત્રીઓ પણ કોઈ વાર આવે. સવારથી જ એમનો મિજાજ તેજ રહે. અમારી ઘરકામની સહાયક બહેન કહે કે ભાભી આજે તો હારો (સારો) એવો ગોરંભાયેલો છે, ગમે ત્યારે વરહી (વરસી) પડહે! એમની પૂજાવૃંદની સખી-સ્વજન સ્ત્રીઓ આવે તે પહેલાં મારે કહી દેવાની જરૂર હતી. ધીરજથી,

સમજાવટભર્યા સ્વરે, મનના ગભરાટને છુપાવીને મેં એમને કહ્યું કે મારે તો આ સ્થિતિ છે એટલે એ તો મન મૂકીને વરસ્યાં. મને કહે કે અડકાયેલીનો તો અહીં ઓળો પણ ન ચાલે. હવે તો આ પૂજાનો ઓરડો પણ ધોવો પડશે. તારે તો લહેણું જ નથી. મારી સાથે ગોળીઓ લેવાનો કે બાધાનો ઇલમ ન ચાલે એટલે મારે ગાજવીજની તૈયારી રાખવી જ પડે. આમ તો મને એવું પૂછવાની ખૂબ ઇચ્છા હતી કે હું કાંઈ હંમેશાં રજસ્વલા થોડી જ રહું છું? અને એવા તો અનેકાનેક પ્રસંગો છે, જેમાં મારું પ્રદાન ખાસ્સું મહત્ત્વનું છે અને એટલે જ તમને ગુસ્સો આવે છે. એ સમયે એવો માહોલ ન હતો કે એમને કશું સમજાવી શકાય. વિચાર આવે છે કે સ્ત્રીઓ જો રજસ્વલા ન થતી હોત તો! એમના ઘરમાં કે બીજે રજસ્વલા ન થતી હોય તેવી કોઈ સ્ત્રી પુત્રવધૂ રૂપે હોત ખરી! મારું માનવું છે કે ધાર્મિક પ્રસંગો માટે સ્ત્રીઓએ જો સહભાગી થવાનું હોય તો ગોળી લઈને અને બાધા રાખીને રજોદર્શનનો સમય લંબાવી દેવાનું વલણ આજેય છે જ. અને એ બંને પ્રથા કેટલી અમાનવીય અને અર્થહીન છે!

*[શબ્દસૃષ્ટિ : નારીલેખન વિશેષાંક ૨૦૦૨ : મૂળ લેખમાંથી કેટલાક અંશો]*

*[અ]*



*By Amrita Sher-Gil, Village Scene, 1938*

કવિતા

# અછાંદસી (કાવ્યગુચ્છ)

## રેખા સરવૈયા

બંધ બારણાં આગળથી
પાછાં ફરતાં પહેલાં –
આપણે એને ખોલવાની
કોશિશ કરવી જોઈએ
શક્ય છે(!?)
પેલી બાજુએ સાંકળ ન પણ હોય!!!

*

કાળની કેડી પરથી બે કાંટા મેં લીધા અને બસ...
એ જાણે અપરાધ હોય એમ...
જગતભરની ઘડિયાળોનો સમય
નારાજ છે મારા પર!

*

સપનાનું તો છે ગણિત જ અજબ!
જે આંખો એને જુએ છે
એવુંય બને કે
સપનું ફળે ત્યારે એ જ આંખો ગેરહાજર હોય!!

*

હિંમતની પણ હોય છે એક કિંમત...
જુઓ...
બધાં જ આંસુને કરી દીધાં અમે
ડૂમામાં પરિવર્તિત!

*

જમીન પર દીવાલ
દીવાલમાં બારી
બારી પર પડદો
અને
આકાશને ઝંખનારાં આપણે.

[અ]

વિનોદિકા

# પ્રથમ ગ્રાસે રોડરોલર

## // અંજની પારેખ

“ટારામાં હિમ્મટ હોય ડીકરી, તો ચારથી પાંચ મહિનાની અંડર ટને પતલી સોટી જેવી બનાવી દઉં!”–ખુરશેદે સર્વશક્તિમાનની અદામાં કહ્યું.

“વજન ઉતારવા વિષે મેં ઘણું વાંચ્યું...”

“આંય માસ્તરની જાત જાય નહીં તો બાવા! વાંચીયું છ તેવરે સું થઈ ગિયું? કાંઈ કરીયું છ ખરું તેં? એમ તો રોજ ભજિયાં બનાવવા વિષે હું વાંચું છ, તેથી ભજિયાં બની ગિયાં? એ બનાવવા વાસ્તે તો...”

“સમજી ગઈ, બાવા! સમજી ગઈ!”

“કપ્પાલ ટારું સમજી? જો, કેંઉ છ તેં સમજ! મારી કઝિન હતી તારાથી બી ડબ્બલ...” (મેં મનમાં અહીં એ કઝિનનું ચિત્ર કલ્પી મારી જાતને માફ કરી દીધી!) “મારી જોરે એણે સ્લિમિંગનો પ્રોગ્રામ કરીયો ને એમ ચાર મન્થ્સની અંડર તો સોજ્જી મઝેની થઈ ગઈ!”

“પછી મારા જેટલી થઈ ગઈ હશે! અડધી સુકાઈ ગઈ?”

“નહીં, તારાથી બી અડધી!”

મનમાં મેં ગણિત માંડ્યું. મારાથી ‘ડબલ’ હોય અને એને મારાથી અડધા થતાં ‘ચાર મન્થ્સની અંડર’ જેટલો ટાઇમ થાય તો મારે મારાથી અડધા થવા માટે... બે મન્થ્સ! જરા વાર વધુ થાય તો ત્રણ.. છેવટે સાડાત્રણે તો ચોક્કસ જ! એટલે ખુરશેદની કંઠી બાંધી મેં એની ટ્રીટમેન્ટ લેવાનું શરૂ કર્યું. એમાં ત્રણ આજ્ઞા-સૂત્રો હતાં.

૧. ઓછું ખાવ.

૨. ખૂબ શારીરિક શ્રમ કરો.

૩. ‘હું સુકાઈ રહી છું’ એવું ઑટોસજેશન આપો.

આ ત્રણ સૂત્રોમાંથી છેલ્લું સૂત્ર સ્વાભાવિક રીતે જ મને સહુથી વધુ ગમી ગયું. પ્રથમ બે સૂત્રોના મારા કેસમાં એપ્લાય થવા વિષે મને ઘોર શંકાઓ હતી. કારણ મેં અગાઉ જણાવેલું તેમ પેટમાં ખાદ્ય પદાર્થો સમાવવાની મારી શક્તિ અતિમર્યાદિત છે એવો મારો ખ્યાલ હતો. (અહીં 'હતો' શબ્દ બ્લૅક ટાઇપમાં અથવા અધોરેખિત માની વાંચી લેવો!) વળી શારીરિક શ્રમ પણ હું ઠીક ઠીક કરું છું એમ હું માનતી હતી. એટલે તો મને વજન વધવાનું રહસ્ય સમજાતું નહોતું, એને હું વિજ્ઞાન દ્વારા ન સમજાવી શકાય એવી અકળ પરામનોવૈજ્ઞાનિક ઘટના જ સમજતી હતી! અને તેથી જ ત્રીજો પરામનોવૈજ્ઞાનિક 'કમાન્ડમેન્ટ' મને ગમ્યો. ખૂબ ગમ્યો. મેં નિયમિતરૂપે ખુરશેદની આજ્ઞા અનુસાર જ ફુલસાઇઝ આયના સામે ઊભાં રહી, અંદર મારું પ્રતિબિંબ જોઈ કહેવા માંડ્યું :

"હું સુકાઈ રહી છું, સુકાઈ જઈશ અને બરાબર 'સ્લિમ' થઈ જઈશ! આકરા તાપ વડે જેમ પાણી સુકાય તેમ મારા તાપ વડે હું સુકાઈશ. આ અરીસામાં દેખાતું વિશાળકાય પ્રાણી જ, 'ચાર જ મન્થ્સની અંદર' એકદમ સ્લીઇઇમ, સ્લિઇઇક અને સ્વીઇઇઇટ બની જશે!"

જોકે એમ તો ના જ કહી શકાય કે અરીસા સામે આમ પંદર મિનિટ ઊભાં રહી પોતાની જ જાતને આમ તાકી રહેવું એ કોઈ રીતે આનંદપ્રદ ઘટના હતી! છતાં એથી એક ફાયદો જરૂર થયો! ક્યારેક મારાથી ઐશ્વર્ય-દેહેશ્વર્ય ધરાવનાર સ્ત્રી-પુરુષને જોઈ 'હું કાંઈ એટલી બધી જાડી નથી.' એવું મને લાગતું, તે ભ્રમ ભાંગી ગયો. આઇન્સ્ટાઇનનો સાપેક્ષતાવાદ મેદસ્વિતાની બાબતમાં લાગુ પાડવો એ સાવ બેહૂદું છે એનું જ્ઞાન મને થયું. શ્રીમાન અ, શ્રીમતી ઢ કે કુમારી ઠ મારાથી વધુ જાડાં હોય તેથી મારી પરિસ્થિતિમાં ફેર પડતો નથી, મારે સુકાવું જ રહ્યું એવો સંકલ્પ દૃઢ થતો ગયો. અવગુણ કે ઊણપનો સ્વીકાર એ સુધરવાની દિશામાં પહેલું પગથિયું છે એ સ્વીકારીએ તો એ પ્રથમ પગથિયું તો મેં વટાવ્યું. સફળતાથી વટાવ્યું એમ કહેવાય!

એક દિ' આમ મારા પ્રતિબિંબને સુકાવાની આજ્ઞા કર્યા પછી સવારની બીજી ચાનો રાઉન્ડ શરૂ કરતી હતી ત્યાં ખુરશેદ ટપકી. એને પ્યાલો ધરી મારો ખાલી થયેલો કપ મેં ફરી ભર્યો અને ઉત્સાહપૂર્વક હું મારી ઑટોસજેશનની એક્સસાઇઝ વિશે કહેવા જતી હતી. ખુરશેદે પૂરા અઠવાડિયા સુધી ઑટોસજેશન વડે મનને તૈયાર કરીને પછી 'ડાયેટિંગ' અને કસરત સાથે શરૂ કરવા જણાવેલું. આજે એ કસરતો શીખવવા અને ડાયેટિંગમાં શું શું ખવાય, ક્યારે ખવાય, કેટલું ખવાય, કઈ રીતે ખવાય વિ. વિ. વિશે જ્ઞાન આપવાની હતી. મેં મારો ચાનો પ્યાલો ભર્યો તે જોઈ એનાથી સડેલો બટાકો સૂંઘાઈ ગયો હોય એમ મોં ગંદું બનાવી કહે :

"આંય ટારો ચાનો છેલ્લો પ્યાલો!"

"કેમ કેમ? આજે મારી આયુષ્યરેખા પૂરી થવાની છે એવી બાતમી તને કોણે આપી? વજન ઘટ્યાં પહેલાં જ વૈતરણી પાર કરવાની આવશે તો શું થશે મારું?"

“ઘેલાં ના કાર! કેઉં છ  કે અહા બંધ! ખાવાનાં પર કટ! કેટલી ચપાતી ખાય છે?”

“માત્ર બે જ ચપાટી ચપાટું છું!” મેં આર્દ્ર આર્જવથી કહ્યું. મને હતું કે, ખુરશેદ કહેશે :

“બસ એતલી જ? તો આ વજન કેવી રીતે...”

પણ એણે કહ્યું :

“કાલથી એક! તે બી કોરી! બને તો ગ્રીન અને રો સેલાદથી ચાલે તો એક બી નહીં ખાવાની! પુષ્કડ લિક્વિદ લે – ખાંડ વગરનું. છાશ પી, ગરમ પાનીમાં લીંબુ પી – ખાંદ વગર! સૂપ, દાલ પી.”

જાણે અન્નકૂટમાં કેટલાંયે પકવાન ધરતી હોય એમ ઉદારતાથી વિકલ્પો પીરસતી ખુરશેદ બોલતી હતી.

આખી જિંદગી મારી માને મોંએ “આટલું ઓછું ખાય છે તેથી જ વજન વધે!” એમ સાંભળવા ટેવાયેલી મને આનાથીય ઓછું ખાવાનું કોઈ કહે એ અસહ્ય અપમાનજનક લાગ્યું, પણ ચાર મહિનામાં અડધું વજન...! મેં ઉત્સાહથી એને ‘કરિષ્યે વચનં તવ’નું વચન આપ્યું. પછી કસરતો – હળવાં આસનોનું નિદર્શન શરૂ થયું. ઉત્થિતદ્વિપાદાસન, પવનમુક્તાસન, પદ્માસન, પશ્ચિમોત્તાનાસન, શીર્ષાસન... જાતજાતનાં આસનો જાણે રબરની બનેલી હોય એમ ખુરશેદ બતાવતી ગઈ. ઘડીમાં હાથ પર ટાંટિયો નાખે, ઘડીમાં ટાંટિયો અને ટાંટિયાઓ હાથથી પકડે, વળે, નમે, સૂઈ જાય, બેઠી થાય.... આગળ નમે... પાછળ નમે... એમ કરતાં કરતાં શીર્ષાસનની ક્લાઇમેક્સ બતાવી એ ઊભી થઈ અને કહે :

‘આ બધું કરવાથી મારી ‘ફિગર’ બ્યુટિ કૉન્ટેસ્ટને લાયક રહી છે. ૩૨’-૨૮-૩૨’ સમજી?’

“થર્ટી ટુ, ટ્વેન્ટી એઇટ, થર્ટી ટુ અને બાવ્વન એ આઇડિયલ ફિગર તો ખરી જ!” મેં કહ્યું.

“બાવન? એ શું?”

“તારો આઈ. ક્યૂ.... યાને બુદ્ધિગુણાંક! જે કહેવત છે કે સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ, તે સાચી માનતી હોય તેમ પાનીનો ભાગ બુદ્ધિવાળો ભાગ હોવાથી ઉપર અને માથું બુદ્ધિ વગરનું હોય એમ માની નીચે રાખી ઊભાં રહેવાની ક્રિયા કોઈ પણ સમજદાર માણસ શા માટે કરે એ મને ખબર નથી પડતી! આ તેં કર્યું તે બધું હું જરાયે કરવા તૈયાર નથી!”

આવેશમાં આવી જઈ મેં વરાળ કાઢી. પછી વધુ પડતું કહેવાઈ ગયું છે એમ લાગતાં મેં નરમાશથી વિનંતી કરી : ‘ખુરશેદ, જરા સિમ્પલ કસરતથી સ્ટાર્ટ કરીએ તો શો વાંધો છે?’

ખુરશેદે ધાર્યા કરતા વધુ સ્પોર્ટિવલી લીધું. કહે : “જોગિંગ કર! કાલે સવારે પાંચ વાગ્યે આવસ. હૉપબ્રિજ પર જઈશું. સારી પેરીને ફાવસે ને?”

''ફાવશે' મેં કહ્યું.

અને બીજે દિવસે અમે પુલ પર પ્રવેશ કર્યો ત્યારે ગંજાવર કદનાં થોડાં સ્ત્રી-પુરુષોને તેમજ તંદુરસ્તી માટે આગ્રહ રાખનારાં મધ્યમથી માંડીને અતિશય કૃશ એમ અનેક કદનાં સ્ત્રીપુરુષોને ત્યાં ચાલતાં,  દોડતાં, જોગિંગ કરતાં, કસરત કરતાં જોયાં. ખુરશેદ સાથે દસેક મિનિટ જોગિંગ કરતાં સુધીમાં તો મને પૃથ્વીની એની ધરી પરની એ સૂર્યની આસપાસ, એમ બંને ગતિની પ્રતીતિકર અનુભૂતિ થઈ. હું અસ્થિર છું. પુલ, નદી, આકાશ સમગ્ર પૃથ્વી બધું જ અસ્થિર છે – ફરે છે એમ લાગ્યું. હૃદય હૉર્સ પાવર વપરાઈ રહ્યા હોય એમ ધબકતું હતું. હું આજુબાજુનું ભાન ગુમાવતે, પણ ત્યાં તો હૉપબ્રિજ પર મારી સામેની દિશામાંથી જબરદસ્ત રોલર મારી તરફ વેગથી ધસી આવતું જોયું અને રોડરોલર સાથે ભટકાઈને મરવું સારું કે તાપી નદીમાં કૂદીને એનો નિર્ણય કરવાનો મેં યત્ન કર્યો. કશું નક્કી કરી શકું તે પહેલાં ''ઓ મા...!'' બોલીને આઘાતથી હું ભૂમિને સમાંતર રેખામાં આલિંગન આપી બેઠી! થોડી વાર સુધી બધું ગોળ ગોળ ફરતું લાગ્યું ખુરશેદ ''કાંય ડીકરી, શું થયું તને એકાએક?'' બોલતી પાસે ઊભી હતી.

''પેલું રોડરોલર ક્યાં ગયું? હું એની સાથે ભટકાઈ?'' મેં બહાવરાં બની પૂછ્યું.

''રોડરોલર? કેવું રોડરોલર?'' ખુરશેદે ડઘાઈ જઈને પૂછ્યું.

''પેલું સામેથી આવતું હતું તે વળી!'' મેં જરા અકળાઈને કહ્યું.

ખુરશેદે બે-ત્રણ ક્ષણ ફાંફાં માર્યાં પછી ખીજવાઈ :

''મરેરે! તારી સામે આવતું હતું તે માનસ હતું. રોડરોલર નહીં સમજી!  એ તો અમારા દૂરના સગાં પેસ્તનજી બાવા છે. પૂરા ત્રણસો રતલ વજન છે. એક વીકથી એ જોગિંગ કરે છે! તું હાંફી ગઈ ને નર્વસ થઈ ગઈ હોસે તેમાં રોડરોલર સમજી ધમ્મ કરીને પરી! મરેરે!''

''ખુરશેદ, આજે બસ! ચાલ ઘેર જઈએ.'' મેં આજીજીપૂર્વક કહ્યું. ''ઢીંચન બી છોલાવ્યા હોસે તે આજે તો બસ જ ને'' એણે કહ્યું.

હજી કથની તો પૂરી નથી થઈ; પણ આજે તો બસ! કારણ ગણેશનો વરઘોડો પસાર થઈ રહ્યો છે તે જોવાની ઇચ્છા છે! તમે સમજી શકશો, કે વાજબી કારણોસર; સમજી શકાય એવાં કારણોસર ગણેશ પ્રત્યે મને પક્ષપાત છે!

*['વિનોદિકા'(૨૦૦૪)માંથી]*

*[અ]*

કવિતા

# કોણ ચલાવે રાજ, બોલો!

## // સરૂપ ધ્રુવ

ચાળીસમે પણ ચલકચલાણું?
થતાં રહ્યાં તારાજ, બોલો!
અમેય રૈયત, તમેય રૈયત!
કોણ ચલાવે રાજ, બોલો?

મતપેટી કે મંત્રતંત્રથી
ફટફૂટ ભઈ, ફૂલફટાક!
માણસથી મત મોટા કીધા;
નેવે મૂકું લાજ, બોલો!... કોણ ચલાવે...

ટળવળતી, તરફડતી
સગ્ગી જનતા સામે મીંચી આંખ,
થર્ડ વર્લ્ડના ચક્કર વરતી!
જાતે પ્હેર્યા તાજ, બોલો! ... કોણ ચલાવે...

દેશવિદેશે ધજા ફરકતી;
સ્વિસબૅન્કમાં આણ વરતતી;
સબમરીન સગતળિયે પ્હોંચી;
કોનાં સરતાં કાજ, બોલો !... કોણ ચલાવે....

શહેર સળગતાં, નદીઓ મેલી;
સડતી લાશો, જંગલ ખાલી;
ગંગાજળથી શબ નવડાવ્યું,
પછી સજાવ્યા સાજ, બોલો !... કોણ ચલાવે...


સપના ઉપર સપનું મૂકી,
ચાળીસ માળ ચડાવ્યા ભારે!
ભૂખ્યાં પેટે ભમતા માથાં,
હવે તો આવ્યાં વાજ, બોલો !... કોણ ચલાવે...

કેટલું કહેવું? ક્યાં લગ સ્હેવું?
નથી થવું નારાજ, બોલો!
ચલો, ઉગામો મુક્કી સાથી!
રગદોળીશું તાજ, બોલો! ... કોણ ચલાવે...

રચના સંદર્ભ :૧૫ ઑગસ્ટ, ૧૯૮૭ના દિવસે આપણા દેશની આઝાદીનાં ચાળીસ વર્ષ પૂરાં થયાં. એ આઝાદી અને ચાળીસ વર્ષનું પૃથક્કરણ કરતું ગીત.

*( 'સળગતી હવાઓ'માંથી)*

*[બ]*



Self-portrait, 1930



Self-portrait, 1931



South Indian Villagers Going to Market, 1937.

વાર્તા

# માડીના ખોળા બેનીએ વિસારી મેલ્યા...

## // જસુમતી પરમાર

હમણાં તો જીવતાજીવ ભવોભવના વિજોગ પડી ગયા છે. એક બાજુ માણીગર અને બીજી બાજુ મા. એકને ખોયા વગર બીજાનો મેળાપ નહિ, એવું લખાઈને અવતરી હોઈશ કર્મે. નહિ તો સગી સાહેલી જેવી મા પાદર જેટલી ઢૂંકડે હોય તોય લોકલાજે મળાય નહિ એ તો શાપ જ કહેવાય.

મા જ્યાં જાય – ખેતરે, ગામ-પરગામ, નદીનાળે – અમે એકબીજાના પડછાયાની જેમ. માને સાસરે સાથે લઈ જવાતી હોત તો કેવું રૂડું! કાં વરજીને મારા પિયરમાં – માની, બાપુની, ભાઈની સાથે અમારા કુટુંબના સભ્યની જેમ – લઈ જવાતા હોય તો કેવું સારું! કયા નખ્ખોદિયા પંચાતિયાએ આ કાયદો કર્યો કે વહુ જ સાસરે જાય ને દરેક માથી એની દીકરી જીવનભર વિખૂટી પડે!

પણ હું તો પૂરી અભાગણી, વાર-તહેવારે કે સારામાઠા પ્રસંગે સૌ કુંવાસીઓ એમના પિયર જાય, મન મૂકીને મા સાથે સાસરિયાંનાં સુખદુઃખની વાતો કરે, મને તો એવું ઘડી બેઘડીનું ય સુખ નહિ. ના આશ્વાસન, ના દિલાસો, ના હૈયાધારણ, ના વહાલનાં બે વેણ, ના સૂધબૂધનો સધિયારો!

માના શબ્દો હરહંમેશ પડઘાયા છે મારાં આંસુઓના સરવરમાં : મારી જસલી ફૂલોમાં પંકાતી’તી! એને વળાવવા આખું ગામ આવત, પણ આજે એકાદી બહેનપણીનું ગાણુંય નથી ગવાતું...

હું ને મારી મા, અમે બેઉ તડપીએ છીએ એ ગાણાના સૂર માટે, જે સૌ દીકરીઓને વિદાય આપે છે : માડીના ખોળા બેનીએ વિસારી મેલ્યા...

મારો દોષ  મા, મારો શો ગુનો?

હું જાણું છું મા, તારો તો લગીરેય ગુનો નહિ, તું તો પેલી હરણી જેવી – પારધીને વચન આપી ચૂકેલી કે મારાં ભૂખ્યાં બાળ ધવડાવીને તરત પાછી ફરીશ તારો શિકાર થવા. તેં મને મનમાની કરવા દઈ વહાલ પણ નિભાવ્યું ને પંચાતિયા પારધીઓની વણઉચ્ચારી સજા પણ ભોગવી. કહેવતમાં કીધું છે તે સાચું : એક ખમે ધરતી ને બીજું ખમે મા.

ગામડાંઓમાં છોકરીઓને કોઈ ખાસ ભણાવે નહિ ને તેમાંય અમે તો નીચી વરણનાં. છતાં અભણ, ગરીબ માએ કાળી મજૂરી કરી મને ભણાવી. હું એસ. એસ. સી. થઈ ગઈ. માને મન એમ કે હું મહેતી બનું; એની જેમ આખી જિંદગી વૈતરામાંથી બચી જાઉં, પણ મારા ઓછા ટકાને કારણે એડમિશન લેવું સહેલું નહોતું. માએ બહુ જણને કાલાવાલ કર્યા, ખોળા નાખ્યા, દોડધામ કરી, પૈસા ખર્ચી મને પી.ટી.સી.માં ભરતી કરાવી.

પી.ટી.સી. પાસ થયે વળી પાછી ક્યાંકથી લાગવગ શોધી ૧૦૦ રૂ.ના પગારમાં ખાનગી શાળામાં મને નોકરીએ ચઢાવી. પાંચ વરસ પછી પગાર ૫૦૦ રૂપિયે પહોંચ્યો. હવે માને એમ કે, સુખના દહાડા આવ્યા, પણ ભોળી માને ક્યાં ખબર હતી કે તેની દીકરી શહેરમાં આવીને કોઈક જુદા જ રંગે રંગાઈ હતી!

એ દિવસ હતો, જ્યારે મા તાવથી તરફડતી હતી, ને હું એને ગોદડાં ઓઢાડી હંમેશને માટે નાસી છૂટી હતી. પ્રેમના ઊભરામાં મા ભુલાતી હતી ત્યાં બાળલગ્નનો પતિ તો શી વિસાતમાં?

ને વળી પાછા માથે દુઃખના ડુંગર ઊગી નીકળ્યા. સૌ કોઈ, સગાંસંબંધી, ગામ-પરગણું, માને જ દોષિત ગણવા લાગ્યાં : છોકરીને તેં જ બહુ ફટવી હતી રેવલી, ભણાવો, કૉલેજ કરાવો, નોકરી કરાવો. તેં જ છોકરીને ભગાડી મૂકી...

મહેણાંટોણાં તો ઠીક, પણ બાપડી માને મારે લીધે માર પણ ખાવો પડ્યો. રૂપિયા-બે રૂપિયાની મજૂરીથી બચાવેલા પૈસાની સારી એવી કમાણી મને શોધવામાં વેરવિખેર થઈ ગઈ. કોઈ કહે વડોદરા ગઈ છે, તો સગાંઓને ૧૦૦-૨૦૦ રૂપિયા આપી ત્યાં મોકલે, કોઈ કહે આબુ ગઈ છે તો ત્યાં મોકલે. એમ માના બધા પૈસાનું પાણી થઈ ગયું, પણ કાંઈ ના વળ્યું.

માએ મને આ અગાઉ ખૂબ સમજાવેલી : બેટા, જવાની તો કાલ જતી રહેશે. સારાને તો સૌ કોઈ નભાવે, પણ એલઘેલિયાને નભાવે એ ખરા! ને મા પોતાની દામ્પત્યની વાતો માંડતી. માએ યુવાનીમાં સહેલીઓ પાસેથી જાણ્યું હતું કે પહેલા આણા વખતે તો સાસરિયાંમાં પતિ મોજશોખ કરાવે, સારું સારું ખાવાનું ખવડાવે, મેળે લઈ જાય, પણ માનાં તો બધાં અરમાનો પાણીમાં. માને તો પહેલા આણેથી જ બરોબરની પલોટવા માંડી. ખેતરમાં જાર કાપવા, આખા દળણું, કૂવે પાણી, છાણવાસીદાં, લાકડાં લેવા જવું...

નવી નવી વહુ સાસરિયાંમાં માનપાન વધે તેથી ખૂબ ઝડપે પાળિયું વાઢી નાખે. પરસેવે રેબઝેબ થઈ જવાય. બપોરે ભૂખ તો એવી કકડીને લાગે કે પેલી વાર્તામાં આવે છે એમ એક ખાઉં, બે ખાઉં, ત્રણ ખાઉં એમ સાતેયને ખાઈ જાઉં! પણ એક રોટલાથી જ ચલાવી લેવું પડે. નહિ તો સાસરિયાં કહે કે વહુ તો મણભાર ખાય છે. એટલે બાકીની ભૂખ પાણી પીને ઠારવી પડે. અરે! કુદરતી હાજતનીયે શરમ. ખેતરમાં કામ કરતાં કોઈકે વાછૂટ કરી તો બધા ટીખળે ચડ્યા : રેવલી પાદી. મા તો નવી નવી તે શરમની મારી અડધી-અડધી થઈ ગઈ ને ત્યાંને ત્યાં રડવા લાગી.

નવ ભઈલામાંથી અમે ત્રણ જીવી ગયાં. અમને મોટાં કરતાં બહુ દુઃખ વેઠ્યાં માએ. કોઈએ કહ્યું, અખતની (ભળ)ની સાત સળી ચાટવાની બાધા રાખો તો માએ તેમ કર્યું. કોઈએ કહ્યું ભરબપોરે અડવાણા પગે સાત બેડાં પાણીથી રસ્તો ઠારો. માએ તેમ કર્યું.

યાદ આવે છે, વગડેથી માથે ટોપલીનો ભાર લઈ ખરા બપોરે આવતી મા. માને જોઈને અમે દોડતાં. લાકડાં ભરેલી ટોપલી ઊંધી વાળી દેતાં. અંદરથી ક્યારેક મધમીઠાં બોર, તો ક્યારેક ગળ્યાં મધ રાયણાં, જાંબુડાં, કૂણી કૂણી ડોડીઓ, કુવલ પદુડાં મળતાં. વગડે પણ માએ એનાં છોરાં વિસાર્યાં નથી.

સૂંડલા ભરીને ઉલેચ્યું તોય માના દુઃખનો પાર નહિ આવે. જ્યારે માને મારું મોં જોવાનું મન થાય ત્યારે મા છાનીછપની ખેતરે કામ કરવા જવાના બહાને, કાણે જવાના મશે મને મળવા આવે અને મારી આગળ માથું કૂટીને ઠૂઠવો મૂકે : ‘‘જસલી, ચાર મરી ગઈ એની ભેગું તું પણ મરી ગઈ હોત તો આજે મારી આ દશા ના આવત. વકીલને પણ પાછી દઉં એવીને તેં આજે ભોંયમાં ઘાલી દીધી. મારી કિંમત પૈની કરી નાખી. ઊંચું મોં નથી કરાતું. નાતમાં દંડ લીધા. ઘર નાત બહાર મુકાયું.’’

મારા આંતરજ્ઞાતીય લગ્નને કારણે મા તો ચારે બાજુથી હડધૂત થઈ. હવે તો એને એનાં પિયરિયાં પણ નથી બોલાવતાં. માને તો બિચારીને દીકરીએ ગઈ ને પિયરવાટ પણ ખોઈ બેઠી.

માને રડતી જોઈ હું પણ ચોધાર આંસુએ રડવા લાગી. માને એમ કે દીકરીએ જે કર્યું તે કર્યું, પણ સુખી છે એટલે નવાશ. પણ અહીંયાં મારો પ્રેમીપતિ ખૂબ વહેમી, મને વહેમમાં દુઃખી કરી મૂકે. મા આગળ રડી પડાયું. ને ચતુર મા દીકરીના ભાવો કળી ગઈ. માને થયું, કરતાં તો કરી બેઠી પણ હવે પસ્તાતી હશે, એ મારા પ્રેમીપતિને કહેવા લાગી : મારી છોકરીએ તમારા માટે આ બધું કર્યું છે ને તમે દુઃખ આપો એ સારું ના કહેવાય.

ને અભણ મા મામાનો સહકાર લઈ મારા પ્રેમીપતિને ત્યાંથી મને લઈ ગઈ. પિયરમાં તો રખાય નહિ એટલે મામાને ત્યાં મૂકી. બીજે ઠેકાણે મને વગે કરવા ને તેમ કરતાં પૈસા કમાવા મામા તો તલપાપડ હતા. મારું મોં જોવા મા, મામાને ઘેર આવતી , પણ હું રૂમનાં બારણાં બંધ કરી દેતી. હું જડ જેવી રૂમનાં બારણાં ખોલું જ નહિ. મા કહેતી : જસલી, મને મારવી હોય તો મારી લે, પણ તારું મોં જોવા દે.

મામાને ત્યાં કોઈ નાનું પણ કામ બતાવે તો મા દુઃખી થતી ને કહેતી : જે જોવા ન’તી મળતી એ વાપરવા મળી!

મામાએ શોધી કાઢેલો મુરતિયો મને શેણે ગમે? મારું મન તો મારા વિખૂટા પડી ગયેલા પ્રેમીપતિમાં જ હતું. માને કહેતી કે આ તો મને નથી ગમતો ત્યારે મા સમજાવતી : બેટા, ઢેઢનો છોકરો તો ઢેઢ જેવો હોય, એ કાંઈ વાણિયા-બાણ જેવો થોડો હોય? આપણા કર્મે લખ્યો એ કિરતાર.

માએ મને મારી નામરજી છતાં લોકબીકે બીજે વળાવી, પણ મેં ત્યાં દશ દિવસ તો માંડ માંડ કાપ્યા. મનથી માનેલા મારા પ્રેમીપતિને જ યાદ કરતી રહી. સાસરિયાં તરફથી મારા વર્તનની ફરિયાદો માને મળવા લાગી, પણ પિયરમાંથી કે મોસાળમાંથી મને મળવા તો ઠીક, મારું મોં જોવા સુધ્ધાં કોઈ તૈયાર નહોતું. આખરે એક દિવસ મા મને મળવા આવી અને તહેવાર બહાને મને પિયર તેડાવી ગઈ.

વળી પાછી હું માને છેહ દઈ મારા પ્રેમીપતિ પાસે પહોંચી ગઈ.

ને જાણે કે માને જીવતાં-જીવ ઘોરમાં દાટી દીધી.

મા આજે મરવા વાંક જીવે છે. મૂંગે મોઢે. એકલવાયી, એની દીકરીને ઝંખતી જેમ કોચમીન અલીડોસો તેમ મારી મા પણ મરતાં સુધી એની જસલીને શોધશે.

દૂર દૂર શરણાઈના કરુણ સૂરો વાગતા હશે, કોઈ જાન ઊઘલતી હશે, કોઈ કન્યાને માબાપ સાસરે વળાવતાં હશે, ત્યારે મા વગડે અથડાતી-કુટાતી, ઝાડવેઝાંખરે ઊભી રહી, મોકળે મને રડતી હશે : માડીના ખોળા બેનીએ વિસારી મેલ્યા.

*[સમાજમિત્ર : દલિત સાહિત્ય વિશેષાંક : ૧૯૯૯]*

*[અ]*



*By Amrita Sher-Gil*

# તથાસ્તુ

## // પલ્લવી મિસ્ત્રી

"ચાલ, મારી સાથે આવવા તૈયાર થઈ જા."

"હેં? કોણ છો? કોણ છો તમે?"

"મને ના ઓળખ્યો, હું દેવદૂત."

"તમારી ફોઈએ તમારું નામ તો સરસ પાડ્યું છે. દેવદૂત, પણ આપણે પહેલાં ક્યારેય મળ્યાં હોઈએ, એવું મને યાદ નથી.

"આપણે પહેલાં ક્યારેય મળ્યાં જ નથી.

"આમ સાવ અચાનક, પરમિશન લીધા વિના કોક અજાણ્યો માણસ મારા ઘરમાં ઘૂસી આવે તે મને પસંદ નથી."

"મારે કોઈ પણ જગ્યાએ જવા માટે પ્રભુ સિવાય કોઈનીય પરમિશન લેવાની હોતી નથી."

"પ્રભુ? એ તમારા બૉસ છે?"

"હા, એ સૌ કોઈના બૉસ છે. સર્વશક્તિમાન છે, વિશ્વનિયંતા છે."

"તમને વિશેષણો સારાં આવડે છે. ગુજરાતીમાં હાઇયેસ્ટ માર્ક્સ આવ્યા હશે. પણ તમે નાટકમંડળીમાં શા માટે જોડાયા?"

"હું કોઈ નાટકમંડળીમાં જોડાયો નથી."

"તો? ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનમાં ભાગ લેવા જવાના છો?"

"ના, ના."

"તો પછી આવો વિચિત્ર – હાસ્યાસ્પદ ડ્રેસ કેમ પહેર્યો છે, ને તમારું અહીં આવવાનું પ્રયોજન શું છે?"

"આ અમારો ટ્રેડિશનલ ડ્રેસ છે અને હું તારો જીવ લેવા આવ્યો છું."

"અરે! વિશ્વમાં લાખો-કરોડો લોકો છે. મારો જ જીવ લેવાનું કંઈ કારણ?"

"તેં મને બોલાવ્યો ને હું આવ્યો."

"આવ્યા તો ભલે આવ્યા. બેસો, બી કમ્ફર્ટેબલ. ચા-કૉફી પીઓ, પણ મેં તમને બોલાવ્યા એવું જૂઠું બોલી માન ન માન મૈં તેરા મહેમાન જેવું કરવાની કંઈ જરૂર છે?"

"તેં પ્રાર્થના કરી હતી –"મંગળ મંદિર ખોલો દયામય, મંગળ મંદિર ખોલો." તે ભગવાને સ્વર્ગનાં મંગળ મંદિર તારા માટે ખોલ્યાં છે."

"અરે! પણ એવી પ્રાર્થના તો હું ઘણા દિવસોથી, ના, ના, ઘણા મહિનાઓથી, સાચું કહું તો ઘણાં વર્ષોથી કરતી આવી છું."

"તો માની લે કે તારી વર્ષોની તપશ્ચર્યા ફળી."

"તમે કહો એટલે મારે માની લેવાનું? મારી પ્રાર્થનામાં તો મેં મંગળ મંદિર ખોલવા ઉપરાંત મારા પતિનું નોકરીમાં પ્રમોશન, મારાં બાળકોનું સારી કૉલેજોમાં ઍડમિશન, મારા ભાઈ માટે ઇમ્પોર્ટેડ કાર, મારી મમ્મી માટે આલીશાન બંગલો, મારા માટે લતા મંગેશકર જેવો અવાજ અને 'ડી-બિયર્સ'નો સાચા હીરાનો હાર એવું એવું ઘણુંય માગેલું. ત્યારે નહીં ને આજે જ મારી પ્રાર્થના સ્વીકારવાનું કોઈ કારણ?"

"કારણ-બારણ તો ભગવાન જાણે, આ તો જરા નવરો પડ્યો એટલે..."

"પણ તમે નવરા પડ્યા જ શા માટે? પેલી કહેવત તમે નથી સાંભળી, નવરો બેઠો નખ્ખોદ વાળે."

"એટલે શું?"

"એટલે... જવા દો તમને નહીં સમજાય. તમે પાછા જાવ, ને કોઈ સારા કામે લાગી જાવ."

"એવું ન ચાલે. મારાથી કોઈ જીવને લીધા વિના ખાલી હાથે પાછા જવાય જ નહીં."

"તો એક કામ કરો. પ્રજાના (પારકા) પૈસે લહેર કરતા કોઈ રાજકારણીનો જીવ લઈ જાવ."

"ના, બાબા, ના. એક વાર મેં એવું કરેલું તો પ્રભુએ કહ્યું, આ ભ્રષ્ટાચારીને ક્યાંથી ઉપાડી લાવ્યો? તારી તે કંઈ ચોઇસ છે? વેરી પુઅર. એટલે આ વખતે કોક સારા જીવને જ ઉપાડી જવાનું મેં નક્કી કર્યું છે."

"મને 'સારો જીવ' ગણવા બદલ થૅન્ક યુ દેવદૂતજી. પણ મારાં છોકરાંઓને હજી 'મા'ની જરૂરત છે."

"એવું તું માને છે, છતાંય... સંતોષ ખાતર તું એમને પૂછી જોઈ શકે છે."

"જિગર-સંકેત, હું દેવદૂત સાથે જાઉં છું."

"મમ્મી, તારી કાર રિપેરિંગમાં છે. જોઈએ તો મારું કાઇનેટિક લઈ જા."

"બેટા, હું જ્યાં જઈ રહી છું ત્યાં કાર-સ્કૂટર એલાઉડ નથી."

"તો? વૉકી-ટૉકી? તું થાકી જશે. એના કરતાં જવાનું માંડી વાળ."

"તારી વાત તો સાચી છે બેટા, પણ આ તો... જવું જ પડે એમ છે."

"જેમ નવા વર્ષના દિવસે અમારે તમારી સાથે સગાં-વહાલાંઓને ઘરે આવવું પડે છે એમ?"

"એમ માની લો."

"ઓ.કે. તો પછી જા, બીજું શું?"

"તમને બંનેને મારા વગર ગમશે?"

"ગમશે તો નહીં.. પણ... ચલાવી લઈશું. ટેક કૅર ઑફ યોરસેલ્ફ."

ooo

"બસ સાંભળી લીધું? ચાલ, હવે તૈયાર થઈ જા."

"પણ મારા પતિને એક પત્નીની (મારી) જરૂર છે."

"ઓહ! આ કાળા માથાનો માનવી? જીવતેજીવ ભ્રમણામાંથી ક્યારેય બહાર નહીં આવે. ઠીક જા. તારા પતિને પૂછી લે."

"કહું છું, સાંભળો છો?"

"ના, અત્યારે હું વાંચી રહ્યો છું. રાત્રે કહેજે જે કહેવું હોય તે."

"રાત્રે હું નહીં હોઉં અને વાત અરજન્ટ અને ઇમ્પોર્ટેન્ટ છે."

"તું પિયર જવાની છે? પરમિશન જોઈએ છે? જો બાળકોની ચિંતા ન કરતી."

"હું પિયર નથી જતી, ઉપર... ભગવાનના ઘરે જાઉં છું."

"ઉપર તો જમુકાકા રહે છે. ભગવાનદાસ તો ત્રીજે ઘરે રહે છે."

"મજાક ન કરો, હું સ્વર્ગમાં જાઉં છું."

"તું અને સ્વર્ગમાં? મજાક તો તું કરી રહી છે."

"સાચું કહું છું, મને લેવા દેવદૂત આવ્યા છે."

"વાહ! ભગવાને મારી... એટલે કે તારી પ્રાર્થના છેવટે સાંભળી ખરી."

"એટલે? હું મરી જાઉં તો તમને બહુ ગમે. ખરું ને?"

"એવું તો મારાથી કેમ કહેવાય? પણ તને સ્વર્ગ મળતું હોય, તો એમાં રુકાવટ ઊભી કરું એવો સ્વાર્થી તો હું નથી જ.

"જોઈ લીધો તમારો પ્રેમ, અમસ્તા જ કહેતા હતા – તારા વગર હું જીવી જ ન શકું."

"અરે હોય કંઈ? એ વાત સાચી છે. તારા વગર મને ટૂથપેસ્ટ, કાંસકો, ટુવાલ, દાઢીનો સામાન, કપડાં, બૂટ, હાથરૂમાલ... કોણ શોધી આપે?"

"એવું જ જો હોય તો દેવદૂતને સમજાવીને પાછો વાળો."

"અરે! હું તે કંઈ 'સત્યવાન' છું કે 'સાવિત્રી'ને લેવા આવેલા યમદૂતને પાછા વાળું? કોઈના કામમાં 'દખલગીરી' કરવી સારી નહીં."

"સારું. ન કરતા દખલગીરી, મરવા દો મને."

"અરે, અરે! હું તો મજાક કરતો હતો. ભાઈ દેવદૂત.... આને અહીં રહેવા દે.."

"શા માટે?"

"તું પરણેલો છે?"

"ના."

"એટલે જ. એટલે જ તને ખબર નથી કે સ્ત્રીને લઈ જવી એ કેટલું ડેન્જરસ કામ છે. મુજ અનુભવીની સલાહ માન અને આને છોડી દે."

'તથાસ્તુ!!!''

*[છે મજા તો એ જ'-માંથી]*

*[બ]*

# એકત્ર ઈ-બુક્સ

## ગુજરાતીનાં સ્મરણીય પુસ્તકોની
## રમ્ય અને સંતર્પક ઈ-બુક શ્રેણી

### પ્રકાશિત

અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ । નારાયણ દેસાઈ
અપરાજિતા । પ્રીતિ સેનગુપ્તા
અમાસના તારા । કિશનસિંહ ચાવડા
અમૃતા । રઘુવીર ચૌધરી
અરધી સદીની વાચનયાત્રા - ૧- ૪ । સં. મહેન્દ્ર મેઘાણી
અલગારી રખડપટ્ટી । રસિક ઝવેરી
અશ્રુઘર । રાવજી પટેલ
આપણો ઘડીક સંગ । દિગીશ મહેતા
કંકાવટી । ઝવેરચંદ મેઘાણી
કુરબાનીની કથાઓ । ઝવેરચંદ મેઘાણી
ખરા બપોર । જયંત ખત્રી
ખાંભીઓ જુહારું છું । ઝવેરચંદ મેઘાણી
ગાંધીજીની જીવનયાત્રા । સં. મહેન્દ્ર મેઘાણી
ગિજુભાઈની બાળવાર્તાઓ । ગિજુભાઈ બધેકા
ગીતામંથન । કિશોરલાલ મશરૂવાળા
જનાન્તિકે । સુરેશ જોશી
જીવનનું પરોઢ । પ્રભુદાસ ગાંધી
જેલ ઑફિસની બારી । ઝવેરચંદ મેઘાણી
તિબેટના ભીતરમાં । સં. મહેન્દ્ર મેઘાણી
ત્યારે કરીશું શું? । લિયો ટોલ્સટોય
દિવ્યચક્ષુ । રમણલાલ વ. દેસાઈ
પદ્મિની । કૃષ્ણલાલ શ્રીધરાણી
પૂર્વાલાપ । કાન્ત - મણિશંકર રત્નજી ભટ્ટ
બાપુની છબી । કાકા કાલેલકર
બારીબહાર । પ્રહલાદ પારેખ
ભજનાંજલિ । કાકા કાલેલકર
ભારેલો અગ્નિ । રમણલાલ વ. દેસાઈ
ભવનું ભાતું । સં. મહેન્દ્ર મેઘાણી
ભેદની ભીંત્યુંને ભાંગવી । મનુભાઈ પંચોળી
મારા ગાંધીબાપુ । ઉમાશંકર જોશી
મારી હકીકત । નર્મદ
મોરનાં ઈંડાં । કૃષ્ણલાલ શ્રીધરાણી
રખડુ ટોળી । ગિજુભાઈ બધેકા
રવીન્દ્રનાથની રત્નકણિકાઓ । નગીનદાસ પારેખ
વાચનયાત્રાનો પ્રસાદ । સં. મહેન્દ્ર મેઘાણી
વિદિશા । ભોળાભાઈ પટેલ
દ્વિરેફની વાતો - ભાગ ૧ । રામનારાયણ વિશ્વનાથ પાઠક
વેવિશાળ । ઝવેરચંદ મેઘાણી
શીંગડાં માંડતાં શીખવશું । મનુભાઈ પંચોળી
શું શું સાથે લઈ જઈશ હું? । સં. મહેન્દ્ર મેઘાણી
સત્યના પ્રયોગો । મોહનદાસ કરમચંદ ગાંધી
સરસ્વતીચંદ્ર - ભાગ - ૧ । ગોવર્ધનરામ ત્રિપાઠી
સર્વોદય । મોહનદાસ ગાંધી
સાત વિચારયાત્રા । સં. મહેન્દ્ર મેઘાણી
હાસ્ય-માળાનાં મોતી । સં. મહેન્દ્ર મેઘાણી
હિંદ સ્વરાજ । મોહનદાસ ગાંધી

### પ્રકાશ્ય

ઇદમ્ સર્વમ્ (નિબન્ધ) । સુરેશ જોષી
અહો બત કિમ્ આશ્ચર્યમ્ ( નિબન્ધ) । સુરેશ જોષી
રમ્યાણિ વીક્ષ્ય (નિબન્ધ) । સુરેશ જોષી
પ્રથમ પુરુષ એકવચન (નિબન્ધ) । સુરેશ જોષી
ઇતિ મે મતિ (નિબન્ધ) । સુરેશ જોષી
પશ્યન્તિ ( નિબન્ધ) । સુરેશ જોષી
વિદ્યાવિનાશને માર્ગે (નિબન્ધ) । સુરેશ જોષી
આત્મનેપદી ( નિબન્ધ) । સુરેશ જોષી
પ્રત્યંચા (કાવ્ય) । સુરેશ જોષી
ઇતરા (કાવ્ય) । સુરેશ જોષી
તથાપિ (કાવ્ય) । સુરેશ જોષી
પરકીયા (કાવ્ય) । સુરેશ જોષી
ઉપજાતિ (કાવ્ય) । સુરેશ જોષી
ગૃહપ્રવેશ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
બીજી થોડીક (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
અપિ ચ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
ન તત્ર સૂર્યો ભાતિ (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
એકદા નૈમિષારણ્યે (ટૂંકી વાર્તા) । સુરેશ જોષી
વિદુલા (નવલકથા) । સુરેશ જોષી
કથાચક્ર (નવલકથા) । સુરેશ જોષી
છિન્નપત્ર (નવલકથા) । સુરેશ જોષી
મરણોત્તર (નવલકથા) । સુરેશ જોષી
કિંચિત્ (વિવેચન) । સુરેશ જોષી
ગુજરાતી કવિતાનો આસ્વાદ (વિવેચન) । સુરેશ જોષી
કથોપકથન (વિવેચન) । સુરેશ જોષી
કાવ્યચર્ચા (વિવેચન) । સુરેશ જોષી
શૃણ્વન્તુ (વિવેચન) । સુરેશ જોષી
અરણ્યરુદન (વિવેચન) । સુરેશ જોષી
ચિન્તયામિ મનસા (વિવેચન) । સુરેશ જોષી
અષ્ટમોઅધ્યાય (વિવેચન) । સુરેશ જોષી
અવતરણ । સં. રમણ સોની
અરૂપસાગરે રૂપરતન । યજ્ઞેશ દવે
સરસ્વતીચંદ્ર - ભાગ - ૨, ૩, ૪ । ગોવર્ધનરામ ત્રિપાઠી

www.ekatrafoundation.org અને ekatra.pressbooks.pub

ઉપર ક્લીક કરતાં જ પુસ્તકોની આ રમ્ય ને સંતર્પક દુનિયામાં પ્રવેશ કરી શકાશે.


### વી-ગ્રંથ

‘એકત્ર’ના વી-ગ્રંથોમાં અમે પુસ્તકની માત્ર સામગ્રી(Text) જ પ્રગટ કરવાને બદલે વાચકને એમાં યોગ્ય રીતે પ્રવેશ કરાવીએ છીએ. શરૂઆતમાં પુસ્તકનું સચિત્ર મુખપૃષ્ઠ(cover) તેમજ લેખકનો ફોટોગ્રાફ, અને એ પછી લેખક અને પુસ્તકના ટૂંકા, સરળ પરિચયો પણ મૂકીએ છીએ – જેથી વાચક માટે એ રસપ્રદ બની રહે.

‘એકત્ર’ના સર્વ વી-ગ્રંથોમાં આ સર્જક-કૃતિ પરિચયો ‘સંચયન’ના સંપાદક રમણ સોનીએ લખેલા છે.

# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

## પ્રહલાદ પારેખ



ગાંધી-વિચાર-સંવેદના ધરાવતી દક્ષિણામૂર્તિ શાળા (ભાવનગર)માં અભ્યાસ કરીને પછી ૧૯૩૦ની આઝાદીની ચળવળમાં ભાગ લઈ જેલવાસ પણ કરનાર પ્રહલાદ પારેખની કવિતામાં ગાંધી-પ્રેરિત માનવ-કરુણા તો છે જ, પરંતુ એમની કવિતા સમાજ-અભિમુખ રહેવાને બદલે સૌંદર્ય-અભિમુખ બને છે –એ એનો વિશેષ છે. એમની ૨૨ની વયે ચાર વરસ એ શાંતિનિકેતનમાં, રવીંદ્રનાથના સાન્નિધ્યમાં રહે છે, એ એમની કવિતાની દિશા બદલવામાં નિર્ણાયક બને છે. ત્યાંથી આવીને એ જીવનભર શિક્ષક રહે છે –પહેલાં ભાવનગરમાં પછી ઘણો વખત મુંબઈમાં. ત્યાં જ ૫૦ની વયે એમનું અવસાન. એમનો મહત્ત્વનો કાવ્યસંગ્રહ **‘બારી બહાર’**. એ ઉપરાંત એમણે **‘સરવાણી’** નામે ગીતસંગ્રહ આપ્યો. બાળકો માટે કાવ્યો અને વાર્તાઓ લખી. (જે અપ્રગટ છે.) એ ઉપરાંત એમણે ભાઈબહેનના શૈશવનું નિરૂપણ કરતી એક સળંગ ગદ્યકથા પણ પ્રકાશિત કરેલી.




## ‘બારી બહાર’

બારી બહાર (૧૯૪૦)ની કાવ્યરચનાઓ ગુજરાતી કવિતાને એક નવો વળાંક આપે છે. ગાંધીયુગીન કવિતાના સામાજિક વાસ્તવમાંથી, ઇંદ્રીયાનુભવોના આંતર-વિશ્વમાં સરકતી આ કવિની કવિતા માનવ-સંવેદનાનો ઝીણો તાર રણકાવતી, હૃદયના નાજુક ભાવોને મધુર છંદ-લયથી વ્યક્ત કરતી રહે છે. એ કાવ્યરચનાઓ પ્રેમ, પ્રકૃતિ અને સંવેદન-પ્રેરક વિષયોને ગીતો દ્વારા, સંસ્કૃત છંદોમાં તેમજ માત્રામેળી લયોમાં નિરૂપણ પામી છે. ‘બારી બહાર’, ‘આજ અંધાર...’, ‘જૂઈ’, ‘વાતો’, ‘વિદાય’, ‘ઘાસ અને હું’ એમનાં ખૂબ જ જાણીતાં થયેલાં કાવ્યો છે. ‘બારી બહાર’ની અનેક આવૃત્તિઓ થઈ છે એ પણ આ કાવ્યોની મહત્તા બતાવે છે.

તો, એ સંવેદન-રંગો અને સૂરોના કવિતા-પ્રવાહમાં પ્રવેશીએ...

https://ekatra.pressbooks.pub/baaribahaar/

Ekatra Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, "હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી". This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as "language" because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

## Mission

**"Preserve and spread Gujarati literature through digitization"**

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

## Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

- Registered Ekatra Foundation as US not-for-profit organization
- Designed and test creation of ebook using both soft copy and physical books.
- Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.
- Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.
- Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.
- Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.
- Received permission to offer over 50 books published by Lok-Milap Trust.
- Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.
- Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્રોત).

## Goals

- Esablish Ekatra as the premier online Gujarati literature digital library.
- Offer 200 free ebooks on Ekatra's website.
- Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.
- Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.
- Expand volunteer organization to support book conversion and proof reading tasks.
- Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

## Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

- Sourcing of selected books in physical or PDF form.
- Proofreading of OCR content
- Assistance in creating local Ekatra volunteer community

## Contact

Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org
Atul Raval | atulraval@ekatrafoundation.org

**Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).**
**It's Federal ID is 46-2153818.**
**Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.**